RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 204* Date: 15.05.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

મોકા વાવાઝોડું બાંગ્લાદેશમાં ત્રાટક્યું

## આઈલેન્ડ ડૂબી જવાનો ભય, મ્યાંમારમાં ભારે વરસાદ; પવનની ગતિ ૨૫૦ કિમી પ્રતિ કલાક રહેશે

(એ.આર.એલ),ઢાકા,તા.૧૪

ચક્રવાત મોકા બાંગ્લાદેશના દરિયાકાંઠે પહોંચી ગયું છે. જેના કારણે મ્યાંમારના ઘણા વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. બીબીસી અનુસાર અહીં ૧૯૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જે ૨૫૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. બાંગ્લાદેશના હવામાન વિભાગે કહ્યું- મોકા છેલ્લા ૨ દાયકામાં દેશમાં ત્રાટકનારું સૌથી શક્તિશાળી તોફાન બની શકે છે.

જેના કારણે દેશનો કોરલ આઈલેન્ડ સેન્ટ માર્ટિન ડૂબી જવાનું જોખમ છે. હાલમાં, એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે અને માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. મોકા શનિવારે રાત્રે મધ્ય અને નજીકના દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમ્યું હતું. તેનાથી વિશ્વના સૌથી મોટા શરણાર્થી શિબિરને પણ અસર થઈ શકે છે.

વર્લ્ડ મેટ્રોલોજીકલ ઓર્ગેનાઈઝેશન અનુસાર જો ચક્રવાતને કારણે પૂર કે ભૂસ્ખલન થાય છે તો તે બાંગ્લાદેશ-મ્યાનમાર સરહદ પર સ્થિત રોહિંગ્યા શરણાર્થી શિબિરને નષ્ટ કરી શકે છે. આ શરણાર્થી શિબિરમાં લગભગ ૮ લાખ ૮૦ હજાર રોહિંગ્યા રહે છે. ૫ લાખ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે

ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું કે ચક્રવાતી તોફાન છેલ્લા ૬ કલાકમાં ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધ્યું છે. આ વાવાઝોડું ૧૪ મેના રોજ બપોરે બાંગ્લાદેશના કોક્સ બજાર અને મ્યાંમારના ક્યુકપ્યુને પાર કરે તેવી શક્યતા છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૫૦-૧૬૦ કિમી પ્રતિ કલાકથી ૧૭૫ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે. મોકા વાવાઝોડાને કારણે ખરાબ હવામાનને કારણે કોલકાતાથી પોર્ટ બ્લેર જતી વિસ્તારાની ફ્લાઈટને યુ-ટર્ન લેવો પડ્યો હતો. આ ફ્લાઈટ કોલકાતા એરપોર્ટથી સવારે ૯:૦૫ કલાકે પોર્ટ બ્લેર માટે ઉડાન ભરી હતી. તેને ૧૧:૪૦ વાગ્યે પોર્ટ બ્લેયર પર ઉતરવાનું હતું, પરંતુ મોકા વાવાઝોડાને કારણે હવામાન ખરાબ થઈ ગયું. જેના કારણે તેને કોલકાતા પરત ફરવું પડ્યું હતું.

ડબ્લ્યુએચઓએ કહ્યું કે તે શરણાર્થી શિબિરોમાં ૩૩ મોબાઈલ મેડિકલ ટીમ, ૪૦ એમ્બ્યુલન્સ તેમજ ઈમરજન્સી સર્જરી અને કોલેરા કીટ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. તે જ સમયે, મ્યાંમારના રખાઈન રાજ્યમાં નીચાણવાળા વિસ્તારોના રહેવાસીઓ તેમના ઘર છોડીને શુક્રવારે રાજધાની સિત્તવે આવ્યા હતા. આ સિવાય લગભગ ૧ હજાર લોકો એક મઠમાં આશરો લેવાની તૈયારી કરી રહ્યા છે આઈએમડીનું કહેવું છે કે વાવાઝોડું હવે ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધી ગયું છે. હાલમાં અંદમાન-નિકોબાર, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ખતરાને જોતા બંગાળના દિઘામાં એનડીઆરએફની ૮ ટીમો અને ૨૦૦ બચાવકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. સાથે જ ૧૦૦ બચાવકર્તાઓને રિઝર્વમાં રાખવામાં આવ્યા છે. અપડેટ શેર કરતા,આઈએમડી વરિષ્ઠ વૈજ્ઞાનિક સંજીવ દ્વિવેદીએ કહ્યું કે ચક્રવાતી તોફાન ફરીથી હળવેથી વધશે. તે ૧૩ મેના રોજ તેની ટોચ પર હશે. જો કે તંત્ર દ્વારા તેની પર સતત નજર રાખવામાં આવી રહી છે.

હવામાન વિભાગે માછીમારો અને જહાજોને મધ્ય અને ઉત્તરપૂર્વ બંગાળની ખાડી અને ઉત્તર આંદામાન સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે. પહેલાથી જ ત્યાં જહાજોને કિનારે પાછા ફરવાનું કહેવામાં આવ્યું છે. મોકાના કારણે શનિવારે ત્રિપુરા અને મિઝોરમમાં ભારે વરસાદની સંભાવના છે. રવિવારે નાગાલેન્ડ, મણિપુર અને દક્ષિણ આસામમાં ઘણી જગ્યાએ વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રવિવારે તોફાન ઉત્તર-ઉત્તર પૂર્વ તરફ વળશે. આ વાવાઝોડું બાંગ્લાદેશના કોક્સ બજાર અને મ્યાંમારના સિત્તવે શહેર વચ્ચે લેન્ડફોલ કરે તેવી શક્યતા છે. આ દરમિયાન ૧૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આ તોફાનનું નામ યમન દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. મોકા અથવા મુખા, લાલ સમુદ્રની સરહદે આવેલા યમનના દરિયાકાંઠાના શહેરે, મોકા કોફીને ૫૦૦ વર્ષ પહેલાં વિશ્વમાં રજૂ કરી હતી. આ શહેરના નામ પરથી તોફાનનું નામ મોકા રાખવામાં આવ્યું છે.

## કેનેડામાં મૃત્યુ પામનાર આયુષ પટેલનો મૃતદેહ ભાવનગર લવાયો, અંતિમયાત્રામાં આખું ગામ હિબકે ચડ્યું

ભાવનગરઃ કેનેડાના ટોરન્ટોમાં અભ્યાસ કરનારા અને પાલનપુરમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા પોલીસ અધિકારીના પુત્ર આયુષ પટેલનો મૃતદેહ રવિવારે ભાવનગરના સિદસર ખાતે લવાયો હતો. આયુષની અંતિમયાત્રામાં પરિવાર અને સમાજની સાથે આખું ગામ હિબકે ચડ્યું હતું. એટલું જ નહીં, મધર્સ-ડેના દિવસે માતાએ પુત્રની અર્થીને કાંધ આપતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર આયુષ પટેલ કેનેડામાં ટોરન્ટો સ્થિત યોર્ક યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. કોલેજ જવા નીકળ્યા બાદથી તે ગુમ હતો અને બાદમાં એક પુલ નીચેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે, ભાવનગરના સિદસરના વતની અને પાલનપુરમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા પોલીસ અધિકારીના પુત્રનું કેનેડાના ટોરન્ટોમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ૬ દિવસની સરકારી પ્રક્રિયા બાદ આયુષનો મૃતદેહ કેનેડાથી શનિવારે મધરાતે અમદાવાદ અને ત્યાંથી તેના વતન ભાવનગરના સિદસર ખાતે લવાયો હતો. જ્યાં રવિવારે સવારે પરિવાર અને સમાજ તેમજ ગામના લોકોની હાજરીમાં અંતિમયાત્રા કાઢવામાં આવી હતી.

મૃતક આયુષ પટેલના પરિવારના એક સભ્યએ મીડિયાને જણાવ્યા અનુસાર આયુષ રમેશભાઈ ડાંખરા છેલ્લા સાડા ચાર વર્ષથી કેનેડાના ટોરન્ટોની યોર્ક યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો. ૫ વર્ષના એન્જિનિયરિંગના કોર્સમાં હવે માત્ર ૬ મહિનાનો જ સમય બાકી હતો. દરમિયાન ૫ મેના રોજ તે કોલેજ જવા નીકળ્યો હતો. જો કે, ૩૬ કલાક સુધી પરત રૂમ પર ન આવતા તેના મિત્રોએ સ્થાનિક પોલીસમાં તેના ગુમ થયાની રિપોર્ટ કરી હતી. પોલીસે શોધખોળ કરતા ૭ મેના રોજ એક પુલની નીચેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.સમગ્ર મામલે પરિવારને જાણ કરવામાં આવતા આયુષના મૃતદેહને પરત ભારત લાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ ફોરેન ડિપાર્ટમેન્ટ અને ઈન્ડિયન એમ્બેસી સાથે સાથે વાતચીત કરી હતી ઉપરાંત પીએમઓના અધિકારીઓ તેમજ ભાવનગરના અક્ષરવાડી મ્છઁજી સ્વામિનારાયણ મંદિરના ધર્મગુરુ-સંતોએ ટોરન્ટોમાં રહેતા અને પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હરિભક્તોને મદદ માટે દોડાવીને તમામ પ્રક્રિયા પૂર્ણ કરાવી હતી.આયુષના કાકા નારણભાઈ ડાંખરાએ મીડિયાને જણાવ્યા મુજબ બીએપીએસના સંતો અને વિદ્યાર્થી મિત્રોએ ટોરન્ટોમાં પહેલા હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પૂજા-પ્રાર્થના કર્યા બાદ આયુષના મૃતદેહને ભારત મોકલ્યો હતો. જો કે, આયુષનું મોત કેવી રીતે થયું? તે પોલીસ તપાસનો વિષય છે તેવું પરિવારના સભ્યે જણાવ્યું હતું. બીજી તરફ તેની હત્યાની શંકા પણ સેવાઈ રહી છે.પરિવારના જણાવ્યા અનસાર કેનેડોમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો આયુષ ડાંખરા ગુજરાતના અલગ-અલગ શહેરોમાંથી ભણવા માટે કેનેડા આવેલા ૪-૫ મિત્રો સાથે રૂમ રાખીને રહેતો હતો. તેણે ગુમ થયાના એક દિવસ પહેલા ભાવનગરના સિદસર ખાતે રહેતા તેના પરિવારને ફોન પર વાત પણ કરી હતી અને પછી ૫ મેના રોજ કોલેજ જવા નીકળ્યા બાદ ગુમ થયો હતો.એક દિવસથી વધુ સમય વીતિ ગયો હોવા છતાં આયુષના મિત્રો ચિંતિત બન્યા હતા અને તરત જ ઈન્ડિયામાં તેના પિતા અને ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા રમેશભાઈ ડાંખરાને ફોન કરીને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. જાંબાઝ અધિકારીની છાપ ધરાવતા રમેશભાઈ ડાંખરા ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સિક્યુરિટીમાં (૨૦૦૧થી ૨૦૧૪) ૧૩ વર્ષ ફરજ બજાવી ચૂક્યા છે. પુત્રના મોતના સમાચાર સાંભળીને રમેશભાઈને જોરદાર ઝટકો લાગ્યો હતો. જો કે, પુત્રના મૃતદેહને પરત ભારત લાવવા માટે તેમણે કેન્દ્ર સરકારમાં વાત કરતા બીએપીએસ અને ભારત સરકારના પ્રયત્નોથી આયુષનો મૃતદેહ ૬ દિવસની સરકારી પ્રક્રિયા બાદ સ્વદેશ પરત લાવી શકાયો હતો.ઉલ્લેખનીય છે કે, હજી એકાદ મહિના પહેલા જ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ કરી રહેલા અમદાવાદી યુવક હર્ષ પટેલનું પણ કેનેડામાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. તાજેતરમાં મૃત્યુ પામનાર આયુષ પટેલ પણ એ જ યોર્ક યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો હતો જ્યાં હર્ષ પટેલ ભણતો હતો. આમ એક જ મહિનાની અંદર બે ગુજરાતી વિદ્યાર્થીના શંકાસ્પદ મોતથી ચકચાર મચી ગઈ છે.

## ૪૪.૭ ડિગ્રી સાથે શનિવાર સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો, રાજ્યમાં વીજ માંગ ૧૮,૩૦૦ MWને પાર

અમદાવાદઃ શહેરમાં હજુ એકથી ૨ દિવસ કાળઝાળ ગરમી પડે એવી શક્યતા જણાઈ રહી છે. તેવામાં ગરમીના પ્રકોપના કારણે બપોરે તો જાણો અગનગોળા વરસતા હોય તેવી ચામડી દઝાડે એમ ગરમી પડે છે. તેવામાં શનિવારે શહેરનું તાપમાન 44.7°C આસપાસ નોંધાયું હતું. આ સામાન્ય તાપમાન જે રહેતું હોય એના કરતા ૩.૧ ડિગ્રી વધારે છે. આ સિઝનમાં શનિવારનો દિવસ સૌથી વધારે ગરમ રહ્યો હોય તેવી પણ માહિતી મળી રહી છે. સમગ્ર રાજ્યમાં હીટવેવની સ્થિતિને કારણે આ મહિને વીજળીની માંગમાં તીવ્ર વધારો થયો છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરના ડેટા મુજબ, ગુજરાતની વીજ માંગ ૧૨ મેના રોજ ૧૮,૩૪૬ મેગાવોટ પર પહોંચી હતી હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારપછીના ચાર દિવસ દરમિયાન ધીમે ધીમે બે-ચાર ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા શનિવારે આની આગાહી કરવામાં આવી હતી.અમદાવાદ અને ગાંધીનગરમાં અનુક્રમે ૪૪. ૭ ડિગ્રી સેલ્સિયસ અને ૪૪. ૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ઉલ્લેખનીય છે કે અમદાવાદ માટે, આ સતત બીજા દિવસ છે જ્યારે તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હોય. સમગ્ર ગુજરાતના અન્ય છ હવામાન મથકોએ ૪૩ ડિગ્રી કે તેથી વધુ તાપમાન નોંધાયું હતું. ફફ નગરમાં 43. 8°C, સુરેન્દ્રનગરમાં 43. 8°C અને કંડલામાં 43. 6°C તાપમાન નોંધાયું હતું. વેધર એક્સપર્ટ્સે જણાવ્યું હતું કે ગરમી સંબંધિત થાક, શરીરમાં દુખાવો અને ડિહાઈડ્રેશનના કિસ્સાઓ આ અઠવાડિયે સતત વધતા ગયા હતા. કેટલાક ડોકટરોએ તારણ કાઢ્યું છે કે સાંજના સમયે તેમના ક્લિનિક પર દર્દીઓની સંખ્યા વધારે હોય છે. તેવામાં બપોર પછી ગરમી ઓછી થાય ત્યારે જ લોકો બહાર જવા નીકળતા હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ડોકટરે વધુમાં જણાવ્યું કે ગરમીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર થતી જોવા મળે છે.સમગ્ર રાજ્યમાં હીટવેવની સ્થિતિને કારણે આ મહિને વીજળીની માંગમાં તીવ્ર વધારો થયો છે. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટરના ડેટા મુજબ, ગુજરાતની વીજ માંગ ૧૨ મેના રોજ ૧૮,૩૪૬ મેગાવોટ પર પહોંચી હતી, જે ૩૦ એપ્રિલના રોજ ૧૫,૭૨૯ મેગાવોટ હતી. સમગ્ર રાજ્યમાં મહત્તમ તાપમાન લગભગ એક સપ્તાહથી સરેરાશ ૪૨ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યું છે, જેના કારણે વીજ માંગમાં વધારો થયો છે. વીજ વપરાશની દ્રષ્ટિએ, રાજ્યની વીજ માંગ ૩૦ એપ્રિલે ૩૭૭. ૫ મિલિયન યુનિટ (MU)થી વધીને 440.3 MUએ પહોંચી હતી. જેમાં લગભગ 63 MUનો વધારો નોંધાયો છે. પવન ઉર્જાનું ઉત્પાદન ૩૦ એપ્રિલના 726MWથી વધીને ૧૨ મેના રોજ 2,204MW થયું હતું. મે મહિનામાં પવન ઉર્જાનું ઉત્પાદન એપ્રિલની સરખામણીએ વધુ રહ્યું છે. રાજ્યનું સોલાર પાવર ઉત્પાદન પણ ૧૨ મેના રોજ વધીને 1,347MW થયું હતું જે ૩૦ એપ્રિલના રોજ 1,065 MW હતું.કાંકરિયા ઝૂનાં પ્રાણીઓને વધારે ગરમી ન લાગે એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આવા સ્થળોએ ઠંડક પ્રસરાવવા માટે ઝૂના સ્ટાફ દ્વારા આને નિયમિતપણે ઠંડુ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. અહીં પ્રાણીઓને ગરમીતી રાહત આપવા માટે નિયમિત પણે પાણીનો છંટકાવ કરવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રવિવાર અથવા સોમવાર સુધીમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. સુરેન્દ્રનગર અને કંડલામાં તાપમાન ૪૪ ડિગ્રી આસપાસ રહ્યું હતું. તેવામાં સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર ગરમીનું પ્રમાણ વધતા ડોકટરોએ લોકોને ભર તડકામાં બહાર જવાની ના પાડી દીધી છે. આની સાથે લાઈટ કલરના કપડા પહેરી લોકોને બહાર જવાની સલાહ આપવામાં આવી છે. આની સાથે પુષ્કળ પ્રવાહી પીવું જેથી કરીને ડિહાઈડ્રેશન ન થાય. EMRI ૧૦૮ના અધિકારીઓને આ અઠવાડિયે ગરમી સંબંધિત પ્રશ્નોને લઈને મોટી સંખ્યામાં ફોન કોલ્સ આવવાના શરૂ રહ્યા છે.શનિવારે સુરત, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાના ભાગોમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. ભારે ગરમીના સંપર્કમાં આવ્યા બાદ નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બપોરના સમયે નાગરિકોએ પાણી, લીંબુ શરબત, કોલ્ડડ્રિંક્સ, નાળિયેર પાણી અને શેરડીનો રસ પીધો હતો. જોકે ટ્રાફિકમાં ઘણીવાર બપોરે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે બીજી બાજુ તડકાથી બચવા માટે નાગરિકોએ છત્રીની સહાયતા લીધી હતી.

## સિવિલ હોસ્પિટલમાં ૩ દિવસની બાળકીને ત્યજી નિષ્ઠુર માતા થઈ ફરાર

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૪

રાજકોટમાં મધર્સ ડે નિમિતે કરૂણ ઘટના સામે આવી છે. સિવિલ હોસ્પિટલનાં બાળ વિભાગમાં અનામી પારણામાં ત્રણ દિવસની તાજી જન્મેલી બાળકી ત્યજી દેવામાં આવી છે. અજાણી મહિલા બાળકી ત્યજી ભાગી છૂટી હોવાની ઘટના સામે આવી છે. રાજકોટ શહેરમાં આજે માતાના અલગ અલગ બે સ્વરૂપ જોવા મળ્યા. એક માતાએ પોતાના પાંચ અંગોનું દાન કરીને પાંચ જિંદગી બચાવી છે. તો બીજી તરફ એક માતાની કુખે જન્મેલી બાળકીને છોડી દેવામાં આવી છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં આવેલી કેટી શેઠ બાળકોની હોસ્પિટલમાં બાળકીને તરછોડી દેવામાં આવી હતી. બાળકીનો જન્મ થોડા સમય પહેલા જ થયો હોવાનું દેખાઈ આવે છે. આ બાળકીને સિવિલની બાળકોની હોસ્પિટલમાં અનામી પારણામાં તરછોડી દેવા આવી હતી. આ ઘટના અંગે સ્થાનિક સિક્યુરિટીએ જણાવ્યું હતું કે, ગત રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ એક ભાઈ આવ્યા હતા અને તેમને આ અનામી પારણામાં પોતાની બાળકીને મૂકી દીધી હતી અને બાદમાં જતા રહ્યા હતા. આ ઘટનાની જાણ કેટી શેઠ બાળકોની હોસ્પિટલના સ્ટાફને થતા તેમને તાત્કાલિક આ બાળકીને સારવાર માટે ખસેડી હતી અને તેમને સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત ડોક્ટર નર્સ સહિતના સ્ટાફ દ્વારા બાળકીની દેખરેખ પણ કરવામાં આવી રહી છે. આ ઘટના સામે આવતા જ સૌ કોઈ લોકોમાં બાળકી પ્રત્યે દયાની ભાવના જાગી હતી, તો બાળકીના માતા પિતા પ્રત્યે ધૃણાની લાગણી પણ લોકોમાં જોવા મળતી હતી. સૌ કોઈ બાળકીને લઈને ચિંતા જોવા મળ્યા હતા.

## ગરીબી રેખા નીચે જીવતા MLA જેઠાભાઈનું નિધન, સાયકલ પર પ્રચાર કરી ચૂંટણી જીત્યા હતા

અમદાવાદઃ ધારાસભ્યોની વાત થાય ત્યારે સપનામાં પણ અંદાજ ન આવે કે કોઈ એવા પણ પોલિટિશિયન હશે જે ગરીબીની રેખા નીચે જીવતા હશે. એકબાજુ જોવા જઈએ તો ચૂંટણી પછી અનેક ધારાસભ્યો સતત કરોડપતિ બની રહ્યા છે. તેમની મિલકતમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ખેડબ્રહ્મા મતવિસ્તારના ભૂતપૂર્વ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પોતાનુ જીવન ટકાવી રાખવા ઘણી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી જીવતા હતા. તેઓ BPL કાર્ડના આધારે જીવન પસાર કરતા હતા. જોકે આ શનિવારે Age-Related સ્વાસ્થ્યની સમસ્યાઓના કારણે તેમનું અવસાન થયું છે.શનિવારે પૂર્વ ધારાસભ્ય અને BPL કાર્ડ હોલ્ડર જેઠાભાઈ રાઠોડનું અવસાન થયું છે. તેઓ છેલ્લા ઘણા સમયથી સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. એટલું જ નહીં તેમની સ્થિતિ વધારે કથળતી જતી હતી. લગભગ એક મહિનાથી તેમની તબિયત વધારે ખરાબ રહેતી હતી. તેવામાં રિકવરી ન થતા શનિવારે પૂર્વ ધારાસભ્યએ અંતિમ શ્વાસ લીધા હતા.જેઠાભાઈ રાઠોડે ૧૯૬૭ની ચૂંટણીમાં જંગી બહુમતી સાથે જીત મેળવી હતી. આ દરમિયાન તેઓ સ્વતંત્ર પાર્ટીના સભ્ય હતા. તે સમયે પાર્ટીએ કુલ ૬૬ બેઠકો પોતાને નામ કરી હતી. ચૂંટણી બાદ તેઓ ૧૯૭૧ સુધી ધારાસભ્ય તરીકે કાર્યરત રહ્યા હતા. રાઠોડ સાબરકાંઠાના પોશીના તાલુકામાં તેમના પૈતૃક ગામ ટેબડામાં રહેતા હતા.જેઠાભાઈ રાઠોડે જણાવ્યું હતું કે તે સમયે ચૂંટણી પ્રચાર માટે તેમણે સંબંધીઓ અને મિત્રો પાસેથી રૂપિયા લીધા હતા. આ દરમિયાન તેમણે અંદાજે ૩૦ હજાર રૂપિયા ખર્ચ કર્યા હતા. એટલું જ નહીં સાયકલ પર સવારી કરીને તેમણે પ્રચાર પણ કર્યો હતો. આ અંગે તેમણે ડિસેમ્બર ૨૦૨૨માં TOI સાથે વાતચીત કરી હતી. જેઠાભાઈ રાઠોડ જ્યારે જીત્યા ત્યારે તેમને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા કૂર્તો- પાયજામો મળ્યો હતો.

## મહેસાણાના ચાર લોકોના મોત મુદ્દે એજન્ટ સામે પોલીસે લુકઆઉટ નોટિસ જાહેર કરી

(એ.આર.એલ),મહેસાણા,તા.૧૪

કેનેડાથી ગેરકાયદે બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ઘૂસણખોરી દરમિયાન મહેસાણાના ચાર લોકોનાં મોત મુદ્દે એજન્ટ સામે પોલીસે લુકઆઉટ નોટિસ જાહેર કરી છે.વડાસણ ગામના મુખ્ય એજન્ટ સચિન વિહોલ સામે લુકાઆઉટ નોટિસ જાહેર કરી છે..સાથે જ પોલીસે સ્થાનિક બે એજન્ટોની વિભાગીય ઓફિસથી પાસપોર્ટની વિગતો મંગાવી છે. મહત્વનું છે કે વડાસણના નિકુલજી વિહોલ, સચિન વિહોલ અને દઢીયાળના અર્જુનસિંહ ચાવડા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી..ત્રણેય એજન્ટોએ ફરિયાદી અશ્વિન ચૌધરી પાસેથી રૂપિયા ૬૦ લાખ લીધા હતા. ૬૦ લાખમાં બોર્ડર ક્રોસ કરાવીને અમેરિકામાં ઘૂસાડવાનો વિશ્વાસ અપાવ્યો હતો.છેલ્લા ૫ વર્ષથી કેનેડામાં રહેતા સચિન વિહોલે ટેક્સી મારફતે અમેરિકામાં ઘૂસાડવાનું સેટિંગ કર્યું હતું.ફરિયાદીનો આરોપ હતો કે પરિવારને ટેક્સીની જગ્યાએ હોડીમાં બેસાડ્યો હતો. એજન્ટોએ ખરાબ વાતાવરણમાં બળજબરી હોડીમાં બેસાડીને બોર્ડર ક્રોસ કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. તે દરમિયાન હોડી ઊંધી પડી જતાં ફરિયાદીના ભાઈ સહિત પરિવારના ૪ સભ્યો મોતને ભેટ્યા હતા.






## તંત્રી સ્થાનેથી...

# કર્ણાટક ચૂંટણી પરિણામોઃ દક્ષિણ દિલ્હીથી દૂર છે, અને દક્ષિણથી દિલ્હીનું અંતર પણ વધારે છે

*કર્ણાટક ચૂંટણી ૨૦૨૩ના પરિણામો જોઈને મને દ્રીકક્રૈટ પરની શ્રેણી 'ક્વીન ક્લિયોપેટ્રા' યાદ આવી ગઈ. મેં અત્યાર સુધી જોયેલી શ્રેણીના ભાગમાં, કંઈક એવું બને છે કે રોમના કબજા માટે પોમ્પી અને જુલિયસ સીઝર વચ્ચે સ્પર્ધા છે. ઈજિપ્ત શરૂઆતમાં પોમ્પીને ટેકો આપતું હતું, તેથી તેને લાગ્યું કે પોમ્પી હારી ગયો હોવાથી જુલિયસ સીઝર ગુસ્સે થશે. તેથી જ ઈજિપ્તના શાસકો આશ્રય લેવા આવેલા પોમ્પીને મારી નાખે છે. તેના મૃત શરીરને વિકૃત કરીને સીઝરને મોકલવામાં આવે છે. પરંતુ ખુશ થવાને બદલે, સીઝર ખૂબ ગુસ્સે છે અને ઈજિપ્તને સજા કરવા માટે નીકળે છે. વાર્તાની નૈતિકતા એ છે કે ઈજિપ્તના શાસકો રોમના રાજકારણ અને રોમન ગૌરવથી સારી રીતે વાકેફ ન હતા. ભાજપ સાથે પણ એવું જ થયું હોય તેવું લાગે છે. ઉત્તરમાં ભાજપની રણનીતિ દક્ષિણમાં કામ આવી નહીં. દક્ષિણનું હૃદય હિન્દી હાર્ટલેન્ડથી થોડું અલગ છે. યુપી અને એમપીની જેમ દક્ષિણમાં ધ્રુવીકરણથી વોટ નહીં મળે. મહિનાઓ સુધી લાઈમલાઈટમાં રહેલા હિજાબનો ચૂંટણી મેદાનમાં પણ ઉલ્લેખ ન થયો એમાં કોઈ નવાઈ નથી. ચૂંટણી પ્રચારના છેલ્લા તબક્કામાં, 'ધ કેરળ સ્ટોરી' અને 'બજરંગ દળ પર કડકતા' જેવા મુદ્દાઓ પ્રભુત્વ ધરાવે છે, પરંતુ પરિણામો કહી રહ્યા છે કે આ ભાજપ માટે કામ નહોતા થયા. ચૂંટણી પ્રચારના છેલ્લા તબક્કામાં ભાજપના નેતાઓને પીએમ મોદીની ભવ્ય રેલીઓથી ઘણી આશાઓ હતી. કર્ણાટકના પરિણામો દર્શાવે છે કે એકલા મોદીના માઈલેજથી પાર્ટી રાજ્યોમાં પોતાના મુકામ સુધી પહોંચી શકતી નથી. લાભાર્થી યોજનાઓ વિશે હવે તે લગભગ નિશ્ચિત છે કે તેઓ ઉત્તરમાં ચૂંટણી જીતે છે. પરંતુ એ સમજવું પડશે કે દક્ષિણમાં વિકાસનો અર્થ ઉત્તરના ગરીબ રાજ્યો કરતાં કંઈક જુદો છે. દક્ષિણમાં બે વખત મફત અનાજ ચૂંટણીમાં નિર્ણાયક બની શકે નહીં. આ સંદર્ભે કોંગ્રેસના કેટલાક વચનો યાદ કરો. કર્ણાટકમાં તેમણે કહ્યું છે કે દરેક ગરીબ પરિવારને ૧૦ કિલો મફત અનાજ ઉપરાંત ઘરની દરેક મહિલા વડાને ૨,૦૦૦ રૂપિયા, દરેક બેરોજગાર સ્નાતકને ૩,૦૦૦ રૂપિયા, બેરોજગાર ડિપ્લોમા ધારકોને ૧.૫,૦૦૦ રૂપિયા અને સરકારમાં મહિલાઓને આપવામાં આવે છે. બસો મફત મુસાફરી આપશે.*

*કોંગ્રેસે સ્થાનિક મુદ્દાઓ અને સ્થાનિક નેતાઓ પર દાવ લગાવ્યો અને રમત જીતી લીધી. એક મુદ્દો કે જેના પર કોંગ્રેસ અને તેના નેતાઓએ સંસદને ચાલવા દીધી ન હતી, તેનો કર્ણાટકમાં ઉલ્લેખ સુદ્ધાં કરવામાં આવ્યો નથી. દેખીતી રીતે, આ માત્ર સંસદ અને દેશ માટે જ નહીં, કોંગ્રેસ માટે પણ સારું છે. વિપક્ષો અવારનવાર ઈવીએમમાં ??ગરબડનો મુદ્દો ઉઠાવે છે, આજે કોઈને ઈવીએમમાં ??ગરબડ જોવા મળી રહી નથી. આશા છે કે આગામી ચૂંટણીમાં પણ વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ આ હકીકત યાદ રાખશે. જે શ્વાસમાં ઈફ્ક્સ વિશે ફરિયાદો કરવામાં આવે છે, લગભગ એ જ શ્વાસમાં કહેવામાં આવે છે કે દેશમાં લોકશાહી બાકી નથી, પરંતુ આજે કોંગ્રેસ કર્ણાટકમાં લોકશાહીની ઉજવણી કરી રહી છે. તેથી વિપક્ષોએ આટલા નિરાશ થવાની જરૂર નથી. જો તે યોગ્ય મુદ્દાઓ ઉઠાવે છે, સ્થાનિક નેતાઓને પણ પ્રાધાન્ય આપે છે, જમીન પર સખત મહેનત કરે છે, તો તેના માટે અવકાશ છે. કોંગ્રેસને ચોવીસની ચૂંટણી પહેલા આ જીતની જરૂર હતી, પરંતુ દવાના આ નાના બોક્સને બુસ્ટર ડોઝ માનવું ભૂલભરેલું ગણાશે. ચોવીસનો ચોસર અલગ છે. ત્યાં રમત અલગ છે.*

# સીબીઆઈના દરોડા : દેશભક્ત હોવાનું મળ્યું ઈનામ : સમીર વાનખેડે

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૪

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ નોંધવામાં આવ્યો છે. તેના પર આરોપ છે કે વર્ષ ૨૦૨૧માં ક્રૂઝ ડ્રગ્સ કેસમાં તેમણે અભિનેતા શાહરૂખના પુત્ર આર્યન ખાનને લાંચ લેવા માટે ફસાવ્યો હતો. જો કે હવે આ સમગ્ર મામલે સમીર વાનખેડેનું નિવેદન સામે આવ્યું છે. વાનખેડેએ કહ્યું છે કે તેમને દેશભક્ત હોવા બદલ પુરસ્કાર આપવામાં આવી રહ્યુ છે. સીબીઆઈએ તાજેતરમાં તેના ઘરે પણ દરોડા પાડ્યા હતા.

વર્ષ ૨૦૨૧ માં, સમીર વાનખેડે એનસીબીના ડિરેક્ટર હતા. ત્યારબાદ એનસીબી અધિકારીઓએ મુંબઈમાં રેવ પાર્ટી દરમિયાન ક્રૂઝ પર દરોડા પાડ્યા હતા. અહીંથી અધિકારીઓએ આર્યન ખાન અને અન્યની ધરપકડ કરી હતી. એનસીપીના દિગ્ગજ નેતા નવાબ મલિકે આર્યનની ધરપકડ પર સવાલ ઉઠાવ્યા હતા. તેણે કહ્યું હતું કે સમીર વાનખેડેએ તેના પુત્રની મુક્તિના નામે શાહરૂખને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેની પાસેથી કરોડો રૂપિયાની ઉચાપત કરવાનો પ્રયાસ કર્યો હતો.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ નોંધવામાં આવ્યો છે. તેના પર આરોપ છે કે વર્ષ ૨૦૨૧માં ક્રૂઝ ડ્રગ્સ કેસમાં તેમણે અભિનેતા શાહરૂખના પુત્ર આર્યન ખાનને લાંચ લેવા માટે ફસાવ્યો હતો. જો કે હવે આ સમગ્ર મામલે સમીર વાનખેડેનું નિવેદન સામે આવ્યું છે. વાનખેડેએ કહ્યું છે કે તેમને દેશભક્ત હોવા બદલ પુરસ્કાર આપવામાં આવી રહ્યુ છે. સીબીઆઈએ તાજેતરમાં તેના ઘરે પણ દરોડા પાડ્યા હતા. વર્ષ ૨૦૨૧ માં, સમીર વાનખેડે એનસીબી ના ડિરેક્ટર હતા. ત્યારબાદ દ્વઝ્મ અધિકારીઓએ મુંબઈમાં રેવ પાર્ટી દરમિયાન ક્રૂઝ પર દરોડા પાડ્યા હતા. અહીંથી અધિકારીઓએ આર્યન ખાન અને અન્યની ધરપકડ કરી હતી. એનસીપીના દિગ્ગજ નેતા નવાબ મલિકે આર્યનની ધરપકડ પર સવાલ ઉઠાવ્યા હતા. તેણે કહ્યું હતું કે સમીર વાનખેડેએ તેના પુત્રની મુક્તિના નામે શાહરૂખને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો અને તેની પાસેથી કરોડો રૂપિયાની ઉચાપત કરવાનો પ્રયાસ કર્યો હતો.

## નોંધી લેજો

ચોપડે અમારી શહાદત નોંધી લેજો,
ચોપડે અમારી ઈબાદત નોંધી લેજો.
પ્રેમ પ્રસ્તાવને સખીએ કબુલ કીધો,
ચોપડે તમારી કબુલાત નોંધી લેજો.
દૌલત ખાતર પ્યારને ઠોકર મારી,
ચોપડે તમારા માલુમાત નોંધી લેજો.
તમે હદયનો ધબકાર બની ગયા,
ચોપડે અમારી દૌલત નોંધી લેજો.
તેણે હા કરી,ખુશીમાં હ્દય બંધ થયું,
ચોપડે અમારી મહોબત નોંધી લેજો,
સનમને ભૂલેચુકે ફૂટી કોડી ન મળે,
ચોપડે અમારી વસિયત નોંધી લેજો.

**-ભરત વૈષ્ણવ**

# 'માં'

'માં'....હાં... "માં' એ એકાક્ષરી મહા મંત્ર છે. માં એ.. ૐકાર છે. ૐકાર એ નાભિ માંથી ઉચ્ચારતો અને બ્રહ્મરંધ્ર સુધી જતો નાદ છે.જયારે.. 'માં' એ... તો.. રોમે રોમ માં થી...ઉછળતો..ઉભરાતો... વહેતો... વ્હાલભર્યો, પ્રેમભર્યો નાદ નહીં પણ 'મહાનાદ' છે.

માં શબ્દજ... વ્હાલ નીતરતો.. ભીનાશભર્યો અને હૂંફ આપતો બ્રહ્મ શબ્દ છે. માં બોલતાંજ.... અમુક દુઃખ દર્દ.. દૂર થઇ જાય છે... ઓગળી જાય છે.માં નો હેતાળ ભર્યો હાથ.. માથા પર ફરતા જ તમે હળવા થઇ જાવ છો. જાણે કે માંના એ હાથમાં જાદુ ના હોય! માથા પર હેતાળ હાથ ફરતાજ તમામ દુઃખ દર્દ એ... હાથમા શોષાય જાય અને તમે... હળવા થઇ ઉઠો! માં નો હાથ અને માં નો ખોળો એ વિશ્વના ગમે તેવા ભયંકર દુઃખ દર્દ ને દૂર કરનાર અને ભવ્ય શાતા આપનાર જાદુઈ છડી જેવો છે.એક વાર માં ના ખોળા માં માથું તો મૂકી જુઓ! અને પછી જુઓ કેવી પરમ શાંતિ.. અનહદ ખુશી.. અને અગાધ સુખ નો અનુભવ થાય છે.માં ના ખોળા ની તુલના કોઈ સાથે થઇ ના શકે. માં નો ખોળો એ કોઈ પણ ઉંમરના માટે સૌથી વધુ સલામત, સુરક્ષિત અને અક્ષત સ્થાન છે.માં ના ખોળામાં જે સુખ છે તે સુખ તો સ્વર્ગમાં રહેતા દેવો પાસે પણ નથી.

માં એ... તો શક્તિ અને ભક્તિ નો પુંજ છે. 'માં' માં અગાધ શક્તિ અને ભવ્ય ભક્તિ જોવા મળે છે. માં ક્યારેય કોઈ પણ ઉંમરે થાકતી નથી કે થાકેલી જોવા મળતી નથી. તે હંમેશા... પોતાના પરિવાર માટે, સમાજ માટે અને દેશ માટે કંઈક ને કંઈક કાર્ય કરતી રહેતી જોવા મળે છે. તે સવાર માં સૌથી વહેલી ઉઠે છે અને સૌથી છેલ્લે.. મોડી સુવે છે. તેની તમામ શક્તિ તે પોતાના પરિવારના સુખ અને શાંતિ માટે હોંશે હોંશે વાપરી નાંખે છે. તે ક્યારેય પોતાના માટે નહિ પણ પરિવાર માટે જીવતી હોય છે.માં એટલે.. પોતાનામાં નહિ પણ કોઈનામાં જીવનારી,કોઈનામાં ખુશી રેડનારી.. 'માં' હોય છે. બધા ખુશ એટલે પોતે ખુશ. માં એટલે 'ખુશી ' નો દરિયો, ઉત્સાહ અને શક્તિ નો અડગ પહાડ. તે... અતૂટ, થાક્યા વગર તમામ પ્રકારનું કાર્ય કર્યેજ રાખે છે. તે સર્વ શક્તિમાન છે. તેને ક્યાંય કોર્સ કર્યા વગર બધું આવડે! તે ફાઈનાન્સ નું ભણ્યા વગર ઘરનું ફાઈનાન્સ સરસ રીતે સંભાળી શકે છે.તે હોમ સાયન્સ કે ઇન્ટિરિયર ડિઝાઈન ભણ્યા વગર ઘર ને સરસ રીતે સંભાળી શકે છે અને શણગારી શકે છે.તે સાઈકોલોજી ભણ્યા વગર તમામના માન વાંચી શકે છે અને ઈચ્છાઓ જાણી શકે છે. હરિ તારા નામ છે હજાર, ક્યા નામે લખવી કંકોત્રી ની જેમ... "માં' તારા કામ છે હજાર! ક્યા કામે તને ઓળખવી??! ' માં ' તું ગુણો નો ભંડાર છે.હજારો ગુણોવાળી માં તું તો શક્તિ નો અંબાર છે.. તો ભક્તિ નો ભંડાર છે.માં તારા પગલાં કંકુના હોય તારા પગલે ઘરની સુખ સહ્યબી, સમૃદ્ધિ છલકાય છે. માં તારી આંખો માં અમી દ્રષ્ટિ અને જીભમાં મધથી પણ વધુ મીઠાશ.માં તારા ચરણે અને તારા શરણે... સ્વર્ગનું સુખ અને તારા આશીર્વાદે અપરંપાર સફળતા. માં ઓ...માં.. તું છે તો..અમારું જીવન.. મંગલમય છે. સુખમય છે.

માં એ તો માં છે..!'માં ' માં અપાર લાગણી અને કરુણા ઉછળતી જોવા મળે છે.માં એટલે વ્હાલનો દરિયો અને કરુણાનો સાગર. લાગણી અને કરુણા એ.. માં નો શણગાર છે. જેમ વાદળી વરસે અને...ધરતી ભીનાશ સાથે... ખીલી ઉઠે છે તેમ... માં નું વ્હાલ વરસતા જ...ખુશીની ભીનાશ સાથે જીવન ખીલી ઉઠે છે.

માં એ ઈશ્વરનું એવું સ્વરૂપ છે કે જે હંમેશા.... આપણી પ્રાર્થના પહેલાં જ તે.. આપણી પ્રાર્થના સાંભળી લે છે.. અને તે સમસ્યા દૂર કરવા તે પોતાની રીતે પ્રયત્નો શરુ કરી દે છે. માં નું સ્વરૂપ એ કોઈ મંદિર ના સ્વરૂપ થી કાંઈ ઓછું સ્વરૂપ હોતું નથી. જેમ મંદિર માં જતા જ આપણ ને શ્રદ્ધા, વિશ્વાસ,શાંતિ અને સફળતા મળશે જ તેવો અહેસાસ થાય છે તેમ.. માં પાસે જતા પણ આપણ ને.. શ્રદ્ધા, વિશ્વાસ, શાંતિ અને સફળતા મળવાનો અહેસાસ થાય છે. એક વખત માં ના ખોળામાં માથું મુક્યા પછી... તમે તમામ સમસ્યાઓ થી નિશ્ચિન્ત થઇ શકો છો. માં પાસે તમામ સમસ્યાઓ નું નિવારણ હોય છે.માં તો માં હોતી હૈ.

ગુગલ, વિકિપીડિયા, ટ્વિટર, ફેસબુક, વોટ્સએપ વિગેરે તો હમણાં આવ્યા પણ માં તો વર્ષો થી ગુગલ જેવી રહી છે. માં ની પાસે તમામ પ્રશ્નો ના.. સાનુકૂળ અને વ્યવહારુ ઉકેલ રહેલા છે.માં ની ભૂગોળ અને ગુગલ બન્ને.. જોરદાર હોય છે.માં તો તમારો ફેઈસ જોઈને જ.. ઘણું બધું અનુમાન કરી શકે છે. તમારે કોઈ પ્રશ્નો કે સમસ્યા માટે તેમને ટ્વિટર કે મેસેન્જર કરવાની જરૂર રહેતી નથી. માં સબ કુછ જાનતી હૈ, સબ કુછ સમજ શકતી હૈ.! તુમહેં ઈસલિયે એસ એમ એસ કરનેકી કોઈ જરૂરત નહિ હોતી! માં એ છે કે જે... પોતે ટાઢ, તડકો, દુઃખ, દર્દ, અગવડતા - સગવડતા વિગેરે સહન કરી ને..તે..બાળકને,પરિવાર ને હંમેશા છાંયડો, સુખ,ખુશી વિગેરે . આપવા પ્રયત્ન કરે છે. માં નું જીવન જ ખળ ખળ વહેતી પવિત્ર ગંગા જેવું હોય છે જે હંમેશા... બીજાને.. નવ જીવન આપવા, બીજાને જીવાડવા... જીવતી હોય છે.માં ના છાંયડામાં જે સંતૃપ્તિ મળે છે તે કદાચ વિશ્વમાં ક્યાંય મળી શકતી નથી. માંનો 'સાડલો' ... માં નો સાડલો એ તો..એવું રીએકટર છે કે ચાર્જર છે કે જે.. હંમેશા આપણ ને હૂંફ સાથે શક્તિ પ્રદાન કરતુ રહે છે. ઘોડિયામાં 'માં' ના સાડલાની હૂંફથી જે બાળક મોટું થાય છે તે હંમેશા લાગણીશીલ અને બીજાને હૂંફ આપનારી વ્યક્તિ બને છે, તે કોઈ પણ ક્ષેત્રમાં વિશ્વાસ પૂર્વક નામના મેળવનાર વ્યક્તિ બને છે. કારણ કે ઘોડિયામાંથી જ બાળકને માં ના સાડલામાં થી માં નું વ્હાલ અને સુરક્ષાનું કવચ મળે છે. જે તેને પૂર્ણ સંતોષ આપે છે. માં ના સાડલામાં જ માં નું મમત્વ વણાયેલું હોય છે. એટલે જ..માં ના સાડલામાં થી બનેલી 'ગોદડી ' માં રમતું બાળક... માં ના ખોળા માં રમતું હોય એમ જ.. ખીલી ઉઠે છે... વિકસિ ઉઠે છે.

'માતૃ દેવો ભવ '.. માં 'માં ' નું સ્થાન દેવ જેટલું ભવ્ય છે. માં ની પૂજા એ.. દેવો ની પૂજા કર્યા બરાબર છે.માં માત્ર.. જન્મ જ આપતી નથી પણ જન્મ આપ્યા પછી... તેનું વ્હાલભર્યું લાલન પોષણ કરી ને તેને.. શ્રેષ્ઠ જીવન જીવતા પણ શીખવે છે.સંસ્કારોનું સિંચન કરે છે અને મુશ્કેલીઓ કે સંઘર્ષો સામે લડવાની કલા પણ શીખવે છે. માં એટલે... દિલથી, વ્હાલથી..'કાળજી લેનાર ' દેવી. માં નું કાર્ય જ છે... કે બાળકો અને પરિવાર ની સતત અને ઉત્તમ કાળજી લેવી. તેમને ઉની આંચ ના આવે તેનું ધ્યાન રાખવું. માં તો સાક્ષાત દેવી છે.. જેમના દિલ માં હંમેશા.. સ્નેહનું ઝરણું વહેતુ રહેતું હોય છે અને સતત કાળજી લેવા ધબકતું રહેતું હોય છે.

મેરી પાસ 'માં ' હૈ.! માં ધન દોલત સે જ્યાદા કિંમતી હૈ. મેરે પાસ 'માં' હૈ...'માં '...તો મુજે ક્યા ગમ હૈ, મુજે ક્યા કમી હૈ. જિસકે પાસ 'માં ' હૈ વો ઈસ દુનિયામે સબસે જયાદા નસીબદાર હૈ.માં જૈસા નિર્મલ, નિસ્વાર્થ..પ્યાર તો કોઈ કર હીં નહિ શકતા. વ્હાલ અને આશીર્વાદનો વરસાદ તો 'માં ' વરસાવી શકે.માં ના આશીર્વાદ એટલે સાક્ષાત ઈશ્વરના આશીર્વાદ. ઈશ્વર ઘરે ઘરે પંહોચી ના શકે એટલે.. તેમણે 'માં ' ના સ્વરૂપે ઘરે ઘરે.. પધરામણી કરી છે.

જો તમારી પાસે...' માં ' હયાત હોય તો તમે ખુબ જ નસીબદાર છો... કારણ કે તમારા પર માં નો છાંયડો છે, તમારા પર માં ના ચાર હાથ છે.માં ની અસીમ કૃપા છે. માં એટલે... ઘર ની મહેંક, ઘરની ખુશી,ઘર ની શોભા, ઘર નું સંગીત. આ સૃષ્ટિમાં જો કોઈ સન્માનીય કે પૂજનીય હોય તો એ ×માં × છે. માં થી વિશેષ કોઈ નથી.માં સર્વત્ર આદર ને પાત્ર છે. તો...માં નું ક્યારેય અપમાન ના કરશો, તને શું ખબર પડે?? તું તો જુના જમાનાની છે.. તું ક્યારેય સુધરે તેમ નથી.... તારા વિચારો, વ્યવહારો જુનવાણી છે...તેવું ક્યારેય કહેશો નહિ.તેને ક્યારેય ઉતારી પાડશો નહિ. તેની સાથે ઝગડા -ઝગડી કરશો નહીં.

કોઈ દેવી -દેવતાંઓની પૂજા કરશો નહિ તો.. ચાલશે પણ...માં ની દિલ થી સેવા કર જો.માંને આદર આપજો તેમનું સન્માન કરજો. તેમને ખુશ રાખજો.તેમની ઈચ્છાઓ પુરી કરવા પ્રયત્ન કરજો. માં ના ઉપકાર ને ક્યારેય ભૂલશો નહિ. માં ને યાદ કરવા કે તેનું સન્માન કરવા માત્ર એક 'મધર્સ ડે 'પૂરતો નથી.. પણ... રોજ ' મધર્સ -ડે ' હોંશે હોંશે ઉજવજો... અરે... આખી જિંદગી 'માં' ની સેવા કરીયે તો પણ ઓછું છે. તો પણ આપણે 'માં ' નું ઋણ ચૂકવી શકતા નથી. આજ થી જ આપણે પ્રતિજ્ઞા લઈએ કે હું દરરોજ માં ને પગે લાગી ને જ મારી દિનચર્યા શરુ કરીશ. માં નું માન -સન્માન જાળવીશ, માં નો આદર કરીશ. સૌથી અગત્યનું તો 'માં' ને સમય આપીશ, માં પાસે બેસીશ.. તેમની વાતો સાંભળીશ, તેમની ઈચ્છાઓ પુરી કરીશ. 'માતૃત્વ દિવસ' ની લાખ લાખ શુભેચ્છા.

**-પ્રદીપ ત્રિવેદી**

# એક બે લીંબુના માલિક Z+ સિકયોરીટીની માંગણી કરે છે!!

ચોરીની પ્રવૃતિ વિધેયાત્મક પ્રવૃતિ છે. જે કામ સરકાર, રિઝર્વ બેંક કે અન્ય સંસ્થા કરી શકતી નથી તે કામ ચોર મહાશયો કરે છે. પક્ષી જગતમાં કાગડો કે ગીધ સફાઇ કામદાર છે તેવું કામ ચોર કરે છે. ચોર લોકો સંપતિની અસમાન વહેંચણી કે જાણીતા આવકના સ્ત્રોત સામે અપ્રમાણસર મિલકતોનું શાંતિમય રીતે હસ્તાંતરણ કરે છે.આ અર્થમાં તે મહાન જ્યોતિર્ધર છે. આપણા શાસ્ત્રોએ પણ ચોર્યકલાનુ મહત્વ આત્મસાત કરીને રાજકુમારોના અભ્યાસક્રમમાં દાખલ કરેલી . રાજકુમારોના ઓલરાઉન્ડ ઓલડાયમેન્શનલ વિકાસ માટે આવશ્યક એવી ચોસઠ કળામાં ચોર્યકલાનો સમાવેશ થાય છે. બિહારમાં પીપીપી મોડલ અને ડીમ્ડ સેલ્ફ ફાયનાન્સના ધોરણે ચોરી કળા શીખવવાનો ડિપ્લોમા ચાલે છે. જેમાં સૈદ્ધાંતિક તેમ જ પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. ખિસ્સા કાતરવા માટે બ્લેડ કે કટર વાપરવાના શાસ્ત્રીયલાભાલાભની વિશદ માહિતી આપવામાં આવે છે!!! ચોર બે પ્રકારના હોય છે.એક સરકારી બાબુ દેવા હોય છે. બાબુ જીવન નિર્વાહ ચલાવવા જેમ નોકરી કરે તેમ ચોર લોકો બ્રેડબટર મળી રહે તે માટે ચોરી કરે છે. બીજો પ્રકાર કોર્પોરેટ કે વેપારી વર્ગ જે લક્ષ્યાંક નિયત કરીને તેને એચિવ કરવાઅહર્નિશ પ્રયત્નો કરે છે. તે રીતે ચોરી કરી થીઝ્ર મેગેઝિનના કવર પેજ પર ચમકવા તનતોડ મહેનત કરે છે,જે જતા દિવસે રંગ લાવે છે!!

કેટલાક બાઇકધારી ચોર ચેઇન સ્નેચિંગ કરે છે. કેટલાક ચોર પ્રવાસી શિક્ષક જેમ અન્ય સ્થળે શિક્ષણ આપે છે તેમ અન્ય રાજયોમાંથી ફલાઇટ પકડી બીજા રાજયમાં આવે છે. ફાઇવ સ્ટાર હોટલમાં ઉતરે છે. ચોરી કરીને ફલાઇટ મારફત વતન વારસા કરે છે. કેટલાક ઘરફોડીતમાં પીએચડી કે માસ્ટર ઓફ સર્જરી ( ખરેખર ડોકટર હોય છે.) હોય છે. કેટલાક પશુ ચોરીમાં માસ્ટર હોય છે!! કેટલાક નાસ્તિક ચોર મંદિરમાં માતાજી કે ભગવાનના વસ્ત્રાલંકાર ચોરી કરે છે. હમણા દક્ષિણ ભારતમાં એક ચોર મંદિરમાં ચોરી કરવા બાકોરું પાડ્યું. ચોરી કર્યા પછી બાકોરામાંથી બહાર નીકળી ન શકયો અને પોલીસના હાથે પકડાઇ ગયો. કેટલાક લેન્ડ ગ્રેબર હોય છે. કાગળ પર કરાંગુલિના કરતબ કે કરામત કરી ખેડૂત ખાતેદારની હજારો એકર જમીન ગાયબ કરીને બીજાના ખાતામાં સરકાવી દે છે!!કેટલાક બાબુઓ મેળાપીપણામાં કૂવા ,મકાનો જાદુગરની જેમ ગાયબ કરી દે છે.આમ પેઢી દર પેઢી ચોરી કરવાની પ્રવૃત્તિમાં વૈવિધ્યીકરણ અને વિસ્તૃતીકરણ આવે તે ઈચ્છનીય છે. સોના ,ચાંદી, હીરા જવેરાત, વસ્તુની ચોરી સમજયા. કેટલાક અમૂલ્ય મૂર્તિ , કલાકૃતિઓ, એન્ટીક પીસની ચોરી કરે છે. માનવ તસ્કરી કરે છે. મગરના ચામડા વગેરેની ચોરી કરે છે. કવિ કરસનદાસ માણેક આર્થિક વિષમના પર ચાબખો મારે છે.બખિયો ઉધેડી નાંખે છે.દેવડીએ દંડાય છે ચોર મુઠી જારના ને લાખો લૂટનારે મહેંફિલ મંડાય છે. પરીક્ષામાં ચોરી તો નગણ્ય છે!!

દેશના મોટા ભાગના શહેરમાં શાકભાજીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. લીંબુના ભાવમાં વધારો થતા લોકોનું ધ્યાન તે તરફ કેન્દ્રિત થયું છે. લીંબુના ભાવ ૩૫૦-૪૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચ્યા છે. લીંબુની વધી રહેલા ભાવના કારણે માત્ર ગ્રાહકો જ નહી પરંતુ દુકાનદાર પર અસર જોવા મળી રહી છે. ભાવ વધારાનું સૌથી મોટું કારણ લીંબુની અછત છે. દેશભરમાં જે શહેરોમાં લીંબુનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે, ત્યાં ભીષણ ગરમી પડી રહી છે. ગરમીના કારણે લીંબુના ઉત્પાદન પર અસર થઈ રહી છે. ગરમી વધુ હોવાના કારણે લીંબુ શરૂઆતમાં જ નષ્ટ થઈ રહ્યા છે, જેના કારણે ઉત્પાદન પર અસર થઈ છે. ભારે પવન અને ગરમીના કારણે લીંબુ ઝાડથી નીચે પડી રહ્યા છે. જેના કારણે ઉત્પાદન પર અસર થાય છે, તે પણ ભાવ વધારાનું મોટું કારણ છે.આ વર્ષે ઉત્પાદન ઓછુ હોવાની સાથે આંધ્રપ્રદેશ અને તેલંગાણાથી આવતા લીંબુનો મોંઘવારી માટે ડીઝલ પણ ભાવ વધારા માટે જવાબદાર છે. ડીઝલના વધતા ભાવથી ટ્રાન્સપોર્ટેશન ચાર્જમાં ૧૫ ટકાનો વધારો થયો છે. જેથી લીંબુની કિંમત પર ડબલ અસર થઈ છે.હાલમાં લગ્નની સીઝનની પણ શરૂઆત છે. લગ્નની સીઝનમાં લીંબુની ડિમાન્ડમાં વધારો થયો છે. ઉત્પાદન ઓછું અને ડિમાન્ડ વધુ હોવાના કારણે વેપારીઓ ઉંચા ભાવે લીંબુનું વેચાણ કરે છે. ગરમીની સીઝનમાં શેરડીના રસથી લઈ લીંબુ પાણી સુધી તમામ જગ્યાએ લીંબુની જરૂર પડતી હોય છે. આ કારણે પણ લીંબુના ભાવ વધી રહ્યા છે હાલમાં નવરાત્રી અને રમઝાન મહિનો ચાલી રહ્યો છે. ઉપવાસ અને રોજા દરમિયાન લીંબુનો વધુ ઉપયોગ થતો હોય છે. જેના કારણે પણ લીંબુની માગ સતત વધી રહી છે. સુરતની કામરેજ તાલુકાના કઠોર ગામની સીમમાં આવેલ શક્તિ ફાર્મમાં એક અજીબો ગરીબ ઘટના બની છે. હાલમાં ખૂબ જ મોંઘા ભાવે મળતા એવા લીંબુની ચોરી થઈ છે. એક બે કિલો નહીં, પરંતુ ચોર ૧૪૦ કિલો જેટલા લીંબુ ચોરાઈ ગયા છે. જો કે ખેડૂતે (Farmers) લીંબુ ચોરી થયાની ફરિયાદ નોંધાવી નથી. પરંતુ લીંબુ ચોરીની ઘટના બાદ આસપાસના લીંબુની વાડી ધરાવતા ખેડૂતો પણ ચિંતામાં મુકાયા છે.

સુરતના કામરેજ તાલુકાના કઠોર ગામની સીમમાં જયેશ પટેલ નામના વ્યક્તિનું શકિત ફાર્મ આવેલું છે. જયેશભાઈ ઓર્ગેનિક લીંબુની ખેતી કરે છે. આ વર્ષે તેમણે સાડા છ વીઘામાં લીંબુની ખેતી કરી છે. ગત વર્ષ કરતા ચાલુ વર્ષે લીંબુનું ૩૦ ટકા ઓછુ ઉત્પાદન થયું છે. જેના કારણે લીંબુના ભાવ આસમાને છે. બજારમાં ૧ કિલો લીંબુનો ભાવ ૩૦૦ રુપિયાથી વધુ હોવાથી લીંબુ ખરીદવા મોંઘા બન્યા છે, ત્યારે જયેશભાઈના ફાર્મમાં ઉતારેલા ૧૪૦ કિલો લીંબુની ચોરી થઈ હતી. ચોરી થઈ ત્યારે ફાર્મ માલિક ભાવનગર અન્ય મિત્રના ફાર્મની મુલાકાતે ગયા હતાં અને મજૂરો પણ ફાર્મ પર ન હોવાથી તસ્કર દ્વારા લીંબુની ચોરી થઈ હતી. રાત્રીના સમયે તસ્કરો ૩૫ હજારની કિંમતના ૧૪૦ કિલો લીંબુની ચોરી કરી ગયા હતા. આ અંગે બીજા દિવસે સવારે જથ્થો વિખેરાયેલો જોવા મળતા ચોરી થયાનો અંદાજ આવ્યો હતો! ગરમીઓમાં લોકોને રાહત આપનાર લીંબૂ હવે લોકોને રડાવવા લાગ્યા છે. લીંબુના ભાવ એટલા વધી ગયા છે કે હવે ચોરોની નજર આવ્યા ગયા છે. રાજસ્થાનના જયપુરમાં ચોરો સોના-ચાંદી અંહી પરંતુ લીંબુ ચોરી કરવા લાગ્યા છે. જયપુરના શાકમાર્કેટમાં લીંબુની ચોરીની ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. વધતા જતા ભાવથી લોકોના દાંત ખાટા કરનાર લીંબુ હવે ચોરોના નિશાન પર છે. જયપુરના મુહાના શાકમાર્કેટમાં લીંબુ ચોરી કરવાનાર હવે સક્રિય થઇ ગયા છે. જોકે સ્થિતિ એવી છે કે ગત થોડા દિવસોમાં આ શાકમાર્કેટમાં લીંબૂની ચોરી થઇ ચૂકી છે. વાયરલ થઇ રહેલા સીસીટીવી ફૂટેજમાં જોઇ શકો છો કે શાકમાર્કેટમાં કેવી રીતે ચોર આવે છે અને લીંબૂ ચોરીને ફરાર થઇ જાય છે. વેપારીઓને સમજાતું નથી કે તે ઘરે જઇને ઘરની રખેવાળી કરે કે પછી શાકમાર્કેટમાં બેસીને લીંબુઓને જુએ.

ઉત્તરપ્રદેશના શાહજહાંપુર શાકભાજીના માર્કેટમાંથી એક સાથે ૬૦ કિલો લીંબુની ચોરી થતા ચકચાર મચી ગઇ છે. ચોર માત્ર લીંબુ જ નહી પરંતુ તેની સાથે સાથે લીંબુ જોખવાના ત્રાજવા અને સાથે રહેલા વિવિધ વજનના બાટ પણ લઇ ગયા હતા. લીંબુની ચોરી હાલ તો ચર્ચાનો વિષય છે. વેપારીઓમાં આ ઘટના બાદ ભારે ગુસ્સો જોવા મળી રહ્યો છે. પોલીસ આ મુદ્દે તપાસ ચલાવી રહી છે. લીંબુની મોંઘવારીના કારણે ચોરીની આવી ઘટનાઓ સામે આવી હોવાનું માનવામાં આવી રહ્યું છે. લીંબુ ઉપરાંત લસણ અને ડુંગળીની ચોરી કરી હતી. સો ગ્રામ લીંબુ ખરીદનાર અંબાણી અદાણીના વહેમમાં ફરે છે!! લીંબુના ભાવોમાં અસાધારણ ભાવ વધારાના કારણે મૂંછે લીંબુ લટકાવનારાની સંખ્યા ઘટી ગઇ છે. એક બે લીંબુના માલિક ઢ₹ સિકયોરીટીની માંગણી કરે છે. મોંઘા ભાવનું લીંબુ ખાનારને લોકો રાષ્ટ્ર દ્રોહી ગણે છે. આવા માહૌલમાં આપણો બકડમદાર રાજુ રદી બારીબારણા ખુલ્લા મુકીને ધસધસાટ ઊંઘે છે. માનો કે લીંબુ વેચીને સૂતો ન હોય..રાજુ રદી પાછો કહે છે મારીયે છાબડીમાં લીંબુ નથી મને ચોરીની બીક ન બતાવો!!

**-ભરત વૈષ્ણવ**

# લોકસભાની ચૂંટણીઓમાં શાહ મોદીની જોડીને હરાવી શકાય છે?

કર્ણાટક પર આખા ભારતનું ધ્યાન ખેંચાયું છે .દક્ષિણમાં ભાજપનો વિજય રથ કોંગ્રેસે રોકી લીધો છે .એમ સમજો ને કે મૃતપ્રાય થયેલી કોંગ્રેસ માટે કર્ણાટક વિજય સંજીવની પુરવાર થશે. કોંગ્રેસ હવે બમણા જોરથી આગામી વિધાનસભાઓની ચુંટણીઓમાં અને ૨૦૨૪ ની લોકસભાની ચુંટણીઓમાં લડત આપી શકશે.

કોંગ્રેસને કઈ નહી ગણનાર સાથીપક્ષોને હવે કોંગ્રેસને વધુ મહત્વ વધુ બેઠકો આપવી પડશે.અહીં એક બીજું ફેક્ટર પણ કામ કરી ગયું લાગે છે રાહુલની ભારત જોડો યાત્રાથી પણ લાગે છે કે કોંગ્રેસને ફાયદો થયો છે. ૨૦૧૪ પછી પહેલી વાર એમ બન્યું છે કે મોદી શાહના અગણિત ઉજાગરા ધુમ પ્રચાર શામ દામ દંડ ભેદની નીતિનો ભરપૂર ઉપયોગ પણ નિષ્ફળ ગયા છે.બજરંગ બલી વાલો નારો બુમરેંગ સાબિત થયો છે લાગે છે મોદીનો આ દાવ જ ભાજપને ભારી પડ્યો છે મતોનું ધ્રુવીકરણ થયું નહી.શહેરી એરિયામાં ભાજપને મતો જરૂર મળ્યા છે પણ ૭૫ ટકા એરિયામાં કોંગેસ અને જે ડી એસ બાઝી મારી ગયું છે કોંગેસ રોજેરોજ વધતી મોંઘવારી અને બેરોજગારી પર પ્રચાર કરતી રહી અને જીતી પણ ગઈ. ભાજપને ૪૦ ટકા કમિશનવાલી સરકારનો મુદ્દો નડી ગયો છે કર્ણાટકમાં ભાજપના સ્થાનિક આગેવાનોએ કરેલો ભ્રષ્ટાચાર ભાજપને નડી ગયો છે.

ભાજપને બજરંગબલી ઉપરાંત હિજાબ વિવાદ અઝાન પરની પાબંદીઓ મોબ લિચિંગ લવ જેહાદ ટીપું સુલતાન વિશેની મનફાવે તેવી વાતો જેવા મુદ્દાઓ ભારી પડ્યા લાગે છે. અમિત શાહ મોદી અને ભાજપને પણ હરાવી શકાય છે એ સાબિત થઇ ગયું છે આ વાત ભાજપને ભવિષ્યમાં બહુ નુકસાન કરી શકે છે.ભાજપ કોઇ પણ રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓમાં અમિત શાહ મોદી આખી કેન્દ્રીય કેબિનેટ ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ ચૂંટણી પંચ બધું જ દાવ પર લગાડી દે છે પણ પ્રજા મતદારો સાથે સીધા સંપર્કમાં રહેતી નથી તેથી કદાચ હારનો સામનો કરવો પડે છે મોદી શાહને વાપરી વાપરી એમનું મહત્વ ઘટાડી દેવામાં આવ્યું છે દર ચૂંટણી તમે મોદી શાહના નામે જીતી શકો નહીં.

એકલા રૂપિયા વેડફવાથી પણ ચૂંટણી જીતી શકાતી નથી. પ્રજા વચ્ચે રહેવું પડશે પ્રજાની મનની વાત સાંભળવી પડશે પ્રજાના પ્રશ્નો ઉકેલવા પડશે.મોંઘવારી બેરોજગારી કેમ ઓછી થાય એની પર ફોક્સ કરવુ પડશે. ક્રાંતિકારી કર્ણાટકના મતદારોની વિવેકબુદ્ધિ શાણપણ દુરંદેશી સમજદારીને કોટી કોટી વંદન. આપણી લોકશાહી હજુ પણ વિશ્વમાં શ્રેષ્ઠ છે એમ પણ સાબિત થયું.

**મેરા ભારત મહાન.**

**અબ્બાસભાઈ કૌકાવાલા**

**સુરત**

## માવલડી

હે મા
તુજને કરું વંદન તારા ચરણોમાં શીશ ઝુકાવું
જનમ આપીને આ ધરતી પર પહેલું ડગલું ભર્યું
તારી ગોદમાં વહાલ પામી અમૃતનું સિંચન કર્યું
તારી સુંદર શિક્ષા તારા સંસ્કારે જીવન સંવર્યુ
મા તું મારી જગમાં સુંદર તુજને સદા સમરું
તારી સલાહ શિખામણ સદા ઉરે સંઘરું
આ જીવન છે કૃપા તારી તુજને કેમ વિસારું
તારા સામ્રાજ્યમાં હમેશા નિશ્ચિંત થઈ વિહરું
મારી આજ છે તારે પ્રતાપે હરદમ ચિત ધરું
ગેરહાજરીમાં તારી હાજરી સદા અનુભવું
મા અને સાસુમામાં કદી પણ અંતર ન કરું
આજે માતૃદિન તુજ ચરણ કમલે દંડવત કરું

**- પ્રવિણા**

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S No. - 130
વિષય - સમતોલન
શીર્ષક - સમતોલન
શબ્દો - ૩૪૩
લેખક - જાનકી સોની

સમતોલન નામ વાંચતા અને સાંભળતાની સાથે જ આપણા મગજમાં આપણે પોતાની અગંત જિંદગી અને ઓફિસ કાર્ય વચ્ચે સમતોલન રાખવાનો પોઈન્ટ સૌથી પહેલા આવે. જેટલા પણ લોકો નોકરી કરતાં હશે એમના માટે આ સૌથી મોટો કોમન પ્રશ્ન છે કે પોતાની અંગત જિંદગી અને કામની વચ્ચે સમતોલન કેવી રીતે રાખવું? ઘણા લોકો કહે છે એમ કે આપણે ટાઇમ મેનેજમેંટ કરતા શીખવું જોઈએ અને તેના લીધે આપણે આસાનીથી અગંત જિંદગી અને ઓફિસ કાર્ય વચ્ચે સમતોલન રાખી શકીશું? પણ શું ખરેખર આપણે એ રીતે ટાઈમ મેનેજમેંટ કરી શકીએ છીએ અને કરીએ છીએ તો તેમાં સફળ થઈ શકીએ છીએ? ઘણી વખત બંને છેડે એટલું જરૂરી કામ હોય કે કયું કામ પહેલા કરવું તેની પસંદગી પણ ના કરી શકીએ. જેટલો પણ નોકરિયાત સ્ત્રી અને પુરુષ વર્ગ છે તે સૌ આ અનુભવી ચૂક્યા હશે અથવા હાલ તેનો અનુભવ કરી રહ્યા હશે.

એક નોકરિયાત મહિલા માટે ઘર અને ઓફિસની જવાબદારી બંને બાજુ સારી રીતે નિભાવવી એ એક બહુ મોટો પડકાર હોય છે અને તેમાં જે તે મહિલા મોટા ભાગે પોતાની જાત માટે સમય આપી શક્તી નથી કારણકે બંને બાજુ જવાબદારી નિભાવવામાં જે તે મહિલાની પોતની ઈચ્છાઓ કે શોખનો ભોગ આપવો પડે છે તો તે જ વાત ઘરના નોકરિયાત પુરુષ માટે પણ લાગુ પડે છે. નોકરિયાત પુરુષ વર્ગ પોતાના ઘરના સભ્યોની ઈચ્છાઓ પૂરી કરવામાં તેની પોતાની ઘણી ઈચ્છાઓનો ભોગ આપી દે છે. ઘણી વખત એવું સાંભળવામાં આવે છે કે ઘરનો પુરુષ વર્ગ ઘરના ખાસ પ્રસંગોમાં હાજર નથી હોતા અને તેને કારણે ઘરના મહિલા વર્ગને ઘરના ખાસ પ્રસંગોની જવાબદારી સંભાળવી પડે છે પરંતુ અહીં ઘરના પુરૂષોને પોતાને હાજર રહેવાની ઈચ્છા હોવા છતા પણ તે ઓફિસની જવાબદારીઓને પહોંચી વળવા માટે તેઓ ઈચ્છવા છતા પણ હાજર રહી શકતા નથી.

સમતોલન જીવનની દરેક પરિસ્થિતિ અને સંબંધોમાં જરૂરી છે જેમકે મિત્રતાનો સંબંધ, પતિ-પત્નીનો સંબંધ, ભાઈ-બહેનનો સંબંધ, માતા-પિતા અને સંતાનો વચ્ચેનો સંબંધ અને દરેક સંબંધોમાં જ્યારે મન-ભેદ થાય તો કોઈ પણ એક પાત્ર એ સમજીને નમતું જોખવું પડે છે તો જ સંબંધોમાં સમતોલન જળવાઈ રહે છે અને સંબંધોમાં નમતું જોખવાની જવાબદારી કોઈ એક જ પાત્રની નથી પરંતુ બંને પાત્ર માટે વારાફરતી હોય છે અને જ્યારે કોઈ એક જ પાત્ર પર એ જવાબદારી આવે તો સંબંધોમાં સમતોલન જળવાતું નથી.

---

N.O.G. S.S No. - 152
વિષય - માતૃ વંદના
શીર્ષક - હેત તારું સાંભળે
શબ્દો - ૮૧
કવિ - દિલીપ ધોળકિયા, 'શ્યામ'

નામ આવે જ્યાં જીભે ત્યાં હેત તારું સાંભળે.
માત તારાં વણ દયાળી કોણ મારું સાંભળે.
છે ઘણાં ઉપકાર મુજ પર હું નહીં ભૂલું કદી,
મા વદે જો કોઈ ત્યાં તુજ મુખ ન્યારું સાંભળે.
રાખવા સંભાળ મુજ ભીની પથારી છો સૂતી,
આ કરજ જનની તમારું રોજ પ્યારું સાંભળે.
તું નથી તો સાવ સૂના ઘર તણાં તો દ્વાર છે,
ડગ ભરું ત્યાં તો તરત તુજ હેત સારુ સાંભળે.
હું જરા પડતો તરત તુજ આંખથી પાણી વહે,
ગાલ પર ટપટપ ટપકતું નીર ખારું સંભાળે

---

NOG SS N0 : 089
વિષય : માતૃદિન
શીર્ષક : મારી માતા
પ્રકાર : ગદ્ય
લેખક : પરવિણા કડકિઆ

મા તારા કેટલા રૂપ જોયા. તું, હર રૂપમાં નિખરી હતી. તારા અવનવા રૂપ આંખને અને દિલને મનભાવન હતાં. એ તું જ હતી , 'મા' , જેણે નવ મહિના ગર્ભમાં રાખી જતન કર્યું. ભલેને તારા પર અત્યાચાર કર્યો પણ તેં ઉફ ન કર્યું, ઉપરથી પેટ ઉપર હાથ ફેરવી તું ગણગણતી,' તું અંદર હેમખેમ છે ને ? 'બેટા તને કોઈ અગવડ તો નથી પડતી ને? બસ હવે બહુ દિવસ બાકી નથી'.

અરે અધુરામાં પુરું બહાર આ પૃથ્વી પર ડગ માંડતા પહેલાં તને કેટલી પીડા આપી! એ પીડા નો અહેસાસ મને ત્યારે થયો હતો, જ્યારે તારી આ દીકરી, ' માતા બની હતી×. મા, માતૃ દિવસને ટાણે તારી યાદ રોજ કરતાં વધારે ઝડપથી આવે. જાણે પેલો સાગર ,પૂનમનો ચાંદ જોઈ પાગલ બને ,બસ એવા જ હાલ કંઈક મારા થાય.

મને યાદ છે, જાણે અજાણે મેં તને ઘણીવાર દુભવી હતી. પણ તું, હું જ્યારે અમેરિકાથી દોડી આવું, 'આવી મારી સોનબાઈ'. કહી મને ગળે લગાડતી. તારા પ્રેમથી છલકાતાં શબ્દો આજે પણ કાનમાં ગુંજે છે. મા, ભારત જવાના પ્રસંગો તો દર વર્ષે આવે છે પણ તારા વગર બધું સુનું સુનું લાગે છે.

તારી વાણીમાંથી જે સનાતન સત્ય નિતરતું હતું તે આજે વાગોળું છું. ક્યાં એ દિવસો અને ક્યાં આજની મારી પરિસ્થિતિ. તારું પીઠબળ આજે મને જીવન સદમાર્ગે ગુજારવામાં પ્રવૃત્ત કરી રહ્યું છે. મા તારા સાથે ગુજારેલા અંતિમ વર્ષો એ મારા જીવનનું યાદગાર ભાથું બની રહ્યું છે.

આજે મારે તને એક વાત કહેવી છે. તું જ્યાં હશે ત્યાંથી આ વાત વાંચીને તને ગર્વ થશે. તું ઉચ્ચારી ઉઠીશ, ×આવું તો મારી દીકરી જ કરી શકે'. તને જે મારા પર અપૂર્વ વિશ્વાસ હતો તેને કાબિલ બનવા મારા પ્રયત્નો જારી છે. બસ તું જ્યાં હોય ત્યાંથી અમી વરસાવતી રહેજે.

મા ૬૩ વર્ષની ઉંમરે, ભારત આવી, એક વર્ષ કોલેજની હોસ્ટેલમાં રહી અને ×યોગ×ની કોલેજમાંથી સ્નાતક થઈને બહાર આવી. મા ત્યારે તારી આ દીકરીને ત્રણ પૌત્ર અને બે પૌત્રી હતાં. બોલ તું ખુશ થઈ કે નહી ?

જો વધારે પડતું તને કહીશ તો તું કહેશે , બેટા, બસ કર હું તને ઓળખું છું'.

તારી દીકરીના દંડવત પ્રણામ

ઠાકોરજીની સેવામાં મસ્ત રહેજે .

અરે બા, તમને ભૂલી નથી ગઈ. તમે ભલે થોડા વર્ષ સાથે હતાં. જે સમય સાથે ગાળ્યો હતો તે આજ દિવસ સુધી જીદગીમાં અકબંધ છે. બા, તમારા સહુથી નાના પુત્રએ ભલે થોડાં વર્ષો સુખ આપ્યું, પણ આજે તે વાગોળતાં આનંદ અનુભવું છું.

'ઓ પવિના , તું આવી,' તમારા શબ્દોની એ મિઠાશ આજે ૪૫ વર્ષ પાછળ લઈ જાય છે. બા, તમારા નાનકા, 'બચુએ' જીવનમાં ખૂબ સુખ આપ્યું હતું. બે સુંદર બાળકોથી ઘર કલ્લોલતું હતું. આજે તો એ બન્ને દીકરાઓ પણ ૪૦ વટાવી ચૂક્યા છે. બા આજના સુંદર દિવસે તમને લાખો પ્રણામ. બા આજે આપણા કુટુંબમાંથી કોઈ હયાત નથી. તમારી યાદે આજે આંખોના ખૂણા જરા ભીના થયા છે. એક દિવસ આ દેહ પણ તમે જ્યાં વાસ કરો છો ત્યાં તમને મળવા આવી જશે. જ્યાં સુધી આ જગે હરું ફરું છું ત્યાં સુધી તમને યાદોની માળા જરૂર પહેરાવીશ.બા, તમારી સહુથી નાની પુત્ર વધુના પ્રણમ.

**મા તારી મધુરી યાદમાં**

આંગણું તારું સહુથી પ્યારું
સુંદર મારી માત રે
હરપળ તુજને દિલમાં સમરું
કોઈ ન કળી શકતું રે
તારી ગોદમાં સુહાનું બચપન
વીત્યું માવડી મારી રે
છમછમ કરતી આવી જુવાની
મલકે મુખડું તારું રે
નહી થાકતી નહી ગભરાતી
નહી તારા પ્રેમની સીમા રે
સારા જગમાં સહુ કોઈ ગાતું
હરદમ તારો મહિમા રે
વર્ણન કરતાં થાકી ન જીહ્વા
સદા વરસાવે આશિષ રે
આંગણ ઘરનું સદા ચહકતું
શોધું તેનું રહસ્ય રે !

---

NGO SS NO 143
માતૃદિનઃ-મધર્સ ડે નિમિત્તે
નયના ઠક્કર(પ્યાસી) વડોદરા.

**મા ચોવીસા**

ઈશ્વરનું મૂર્તિમંત રૂપ તું!
પ્રભુની પ્રતિનિધિ રૂપ તું!
સૃષ્ટિનું બહુમૂલ્ય રત્ન તું!
શબ્દ નહીં શબ્દતીર્થ તું!
પ્રેમનું સાકાર સ્વરૂપ છે તું!
પ્રકૃતિનું પરમતત્વ છે તું!
ગૃહજીવનની માધુરી તું!
સંસારરથની સારથિ તું!
શિશુ સંસ્કાર પ્રહરી તું!
જીવનબાગની માળી તું!
કરૂણાનો મહાસાગર તું!
મમતાનો મહેરામણ તું!
મંદિર કેરી દીવડી મા તું!
વાત્સલ્ય કેરી વીરડી તું!
લાગણીનો સ્વયં પર્યાય તું!
સહનશીલતાની મુરત તું!
પ્રેરણાનું પંચામૃત મા તું!
પ્રગતિનો પ્રાણાધાર તું!
જ્ઞાનગંગોત્રીની ધાર તું!
સર્વમંગલતાનો સાર તું!
ચૈતન્યની ચિનગારી તું!
રણમાં લીલુડી વેલડી તું!
સમર્પણ વિરલસંહિતા તું!
ઈશ અણમોલ નજરાણું તું!
(મારી સ્વરચિત રચના)
નયના ઠક્કર (વડોદરા)

---

NOG SS No : 0042
વિષય- માતૃ વંદના
શીર્ષક - શ્રદ્ધા સંદેશો(પત્ર)
શબ્દો - ૩૦૪
નામ - પૂજા(અલકા)કાનાણી

પૂજ્ય મમ્મી,

આજનાં યંત્ર યુગમાં પત્ર?પણ મમ્મી, તમને પત્ર વાંચવો ગમે એટલે પત્ર લખું છું ત્યાં બધાં મજામાં હશે. મમ્મી, તમારાં વિચારો પર આજે પણ માન ઉપજે છે. તમે ઓછું ભણેલા પણ ખરા અર્થમાં ગણેલા છો. તમારી ભગવાન પ્રત્યેની શ્રદ્ધા ક્યારેય અંધશ્રદ્ધામાં પરિણમતી નથી જોઈ. તમે હંમેશા કહો છો,×મુસીબતના સમયે, પૂછાવવા,જોવડાવવા નહીં જવાનું કારણકે એવું કરવાથી મનમાં વહેમ પડે.× હવે લોકોની સહનશક્તિ સાવ ઓછી થઈ ગઈ છે. મુશ્કેલી આવતાં તાત્કાલિક ઉપાય માટે દોડે અને આવી માનસિકતા ધરાવનારને શીશામાં ઉતારનારા પણ ક્યાં ઓછાં છે? છાપામાં જાહેરાત આવે!લવ પ્રોબ્લેમ, સંતાન ન થવું, છૂટાછેડાની સમસ્યા, એવી વાતોનો તાત્કાલિક નિવેડો લાવનારનો રાફડો ફાટયો છે. અંધશ્રદ્ધામાં માનનારો શિક્ષિત વર્ગ પણ ઓછો નથી. હાથમાં ગ્રહનંગની વીંટીઓ પહેરે. ઘરમાં ઘોડાની નાળ,બિલાડીની ઓળ,સાપનો મણી,વાઘનું ચામડું રાખે વળી પોતે મહાન તાંત્રિક કે બાબાનાં ભક્ત છે એવું બતાવવા શોશિયલ મીડિયા પર ફોટા મૂકે. મોબાઈલ આવ્યા પછી પણ અંધશ્રદ્ધાએ પીછો નથી છોડ્યો!'આ મેસેજ અગિયાર લોકોને મોકલો તો તમારી દરેક મનોકામના પૂર્ણ થશે.' ચંદ્ર પર જનારા આ વૈજ્ઞાનિક યુગમાં આવી માનસિકતા? તમને લખેલા આ પત્ર દ્વારા હું આવનારી પેઢીને સંદેશો આપવા માંગુ છું. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે એક પાતળી ભેદ-રેખા છે જેને સમજવી જરૂરી છે. બિમાર વ્યક્તિને ડોકટર પાસે લઈ જવા, ભૂવા કે માતાજી પાસે નહીં. અબોલ પશુપક્ષી બલી ન ચડાવવી. તેમનાં અંગો ઘરમાં રાખવાથી સુખ સમૃદ્ધિ આવે તેવી માન્યતાને તિલાંજલિ આપવી. સાચું પૂણ્ય ત્યારે મળે જ્યારે ધાર્મિક સ્થળો પર સ્વરછતા રાખીએ,નદી કે કુંડમાં કચરો ન નાખીએ. આપણાં ઘર, કુટુંબ, સમાજ, શહેર, રાજ્ય, દેશમાં જ્યાં જ્યાં અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય ફેલાયેલું હોય તેને અટકાવવું એ આપણી નૈતિક ફરજ છે. હું ગર્વ અનુભવું છું મારો ઉછેર તમે અંધશ્રદ્ધાનાં વાતાવરણમાં નથી કર્યો. ચાલો, ત્યારે બીજી વખત આવી જ નવી વાતોને લઈને પત્ર લખીશ ત્યાં ભાઈ-ભાભીને મારી યાદી આપજો.

**-લિ.પૂજા(અલકા) ના પ્રણામ.**

---

NOG SS NO 140
વિષયઃ મા
શીર્ષકઃ મા એટલે મા
શબ્દો : ૨૬૫
લેખિકાઃ હેમા ત્રિવેદી

મા એટલે મા એટલે મા...

આકાશ જેટલો કાગળ લઈને ગણપતિ લહિયો બનીને મા વિશે લખેને તોય કાગળ ટુંકો પડે.

મા એટલે મા એટલે મા..

બર્થ સર્ટિફિકેટમાં જન્મતારીખ લખાય પણ મા માટે તમે પેટમાં રહ્યા ત્યારથી તમારૂં અસ્તિત્વ માણતી રહી.

મા એટલે મા એટલે મા.

'ભીને પોઢી પોતે, સૂકામાં સુવાડે' દલપતરામના કાવ્યમાં કે શિવાજીને વીરતાના પાઠ ભણાવતાં જીજાબાઇને મેઘાણીના હાલરડાંમાં કે નરસૈંયાના પ્રભાતિયાંમાં જાદવાને જગાડતી મા.. ..અરે , કાલુડી કૂતરીનાં ચાર કાબરાં ને ચાર ભુરીયાં ગલૂડિયાં હોય..

જનનીની જોડ સખી નહી મળે રે લોલ કારણ મા એટલે મા એટલે મા.

મધર ઈન્ડિયામાં નરગીસને ભૂખ્યાં, રડતાં કકળતાં બાલુડા માટે તળાવના કાદવમાં મૂળિયાં ફંફોસતી જોઈ છે ? એ સ્ત્રી સહજ બનીને અભિનય કરેછે. મધર ઈન્ડિયાને ઍવોર્ડ મળેજ મળે.

મા એટલે મા એટલે મા.

વાત થઈ જન્મ આપનારી માની..પણ આ દેશ ઋષિ મુનિઓનો છે ,વેદ અને ઉપનિષદનો છે.એ સંસ્કૃતિછે જ્યાં ગંગા યમુના નર્મદા ગોદાવરી કાવેરી બધીજ નદીઓ માતા છે .

ગાય પણ માતા તરીકે પૂજાય છે.

પવિત્ર તુલસી પણ માતા છે.

મા એટલે મા એટલે મા.

દેવી દુર્ગા પણ માતા છે.એનાં બાળકોના રક્ષણ માટે રાક્ષસોને હણે છે..

દુષ્કાળમાં મરતી પ્રજા માટે શાકભાજી અને વનસ્પતિ ઉગાડી એમની ક્ષુધા સંતોષે છે એ માતા શાકંભરી મા છે.

મા એટલે મા એટલે મા

સકળ સૃષ્ટિનો ભાર ઝીલતી ધરતી પણ માતા છે.

સીતાજીએ ફરી અગ્નિ પરીક્ષાને બદલે ધરતી માતાનો ખોળો માંગ્યો.ધરતીએ જન્મ આપ્યો ધરતીમાં સમાઈ ગઈ...

મા એટલે મા એટલે મા..

મારી માભોમ, મારી ભારતમાતા.... જે હિમાલયનો મુગટ ધારણ કરીને, પૂર્વ પશ્ચિમ બાહુઓ ફેલાવી ઉભી છે. જેનાં ચરણ ત્રણ ત્રણ સાગર પખાળેછે એ રક્ષા કરેછે ચોમેરથી..

મા એટલે મા એટલે મા..

---

NOG SS NO 140
વિષય : મા
શીર્ષકઃ પરમપદ માતાનું
પદ્ય : અછાંદસ
શબ્દોઃ ૮૫
લેખિકાઃ હેમા ત્રિવેદી

પાંચ પાંડવ ને છઠ્ઠો કર્ણ,
સદાય તરસે જોવા નેણ.
ઔરસ અનૌરસના ભેદ,
કુંતી તરસી જીવન ભર.
લાડ લડાવે યશોદા માત,
જેલમાં રૂએ દેવકી માત.
કેવા તે વિધીના લેખ,
કોની કૂખ ને કોનો અંક.
માતૃસુખથી વંચિત સ્ત્રી
દત્તક લે યા ભાડે કૂખ.
શ્રેષ્ઠ સુખને પામે મા
બાળ પામી ધન્ય થાય.
દેવોથી પરમ પદ માતાનું,
તોલે એની કોઈ ના આવે.
માતૃઋણ ચૂકવવા માટે
સાત જન્મ પણ ઓછા પડે.
બધું ભલે તુ ભૂલે મનવા,
માના ગુણ ના ભૂલતો.
દુઃખી કરી રડાવીશ માને
તો પ્રભુ પણ માફ ના કરશે.

---

NOG SS No-106
વિષયઃ-'સંતોલન'
શીર્ષકઃ- સચ્ચાઈમાં સુખ
શબ્દઃ-૨૦૮
નામઃ-મુક્તિદા કુમાર 'મનચલી'

એક ગાડીનાં બે પૈડાં! પતિ પત્નીની જિંદગીનું સમતોલન કેવું નિયમિત રીતે ચાલતું હોય છે! સૂરજ એક દિવસ ઊગે અને આવતીકાલે કહે કે,અમદાવાદના ભાગમાં પંદર દિવસ માટે નહિ ઊગું.તો શું થાય?? આખાં ભારતમાં સૂરજનો પ્રકાશ ફેલાયેલો હોય અને માત્ર અમદાવાદમાં અંધારુ? કેવું લાગે? કલ્પના કરી જુઓ.ચંદ્ર કહે કે મારે સૂરજ સાથે વાંધો છે એટલે હું સૂરજની જગ્યા લઈ લઈશ અને કોઈ પણ ભોગે પ્રભાતમાં તો હું જ ઊગીશ. કુદરતના નીતી નિયમોમાં પણ એક સંતોલન છેજ. બાળપણમાં,અમારાં ગામમાં ઘણા બધા ગાંડાઓને જોયા હતા. આવા લોકોને કહેતા કે એમણે માનસિક સંતુલન ગુમાવી દીધું છે! પણ જીવતાં-જાગતાં-ડાહ્યાં 'આપણે'-આપણી જાતને પૂછી જોવું જોઈએ. આપણે આપણા વિચારો ઉપર કેટલું સંતુલન છે? આપણા વિચારો થકી મન અહીંથી તહીં ભટકતું જ રહે છે.'સાચાંખોટાંનો વિચાર કેટલો કરીએ છીએ? ગાડરીયા પ્રવાહની જેમ આપણે જીવન જીવીએ છીએ. બીજાને નાનો×નીચો×સાબિત કરી આપણે×મહાન×છીએ, એવું સતત,સાબિત કરતાં રહીએ! સાચાં/ખોટાંનું ભાન ભૂલી જઈએ. સત્ય,સચ્ચાઈનું સંતોલન છે. ધરમરાજાનું એક એક અંગ વજન કાંટામાં કાપીને મૂકવાથી કે સોને તોળવાથી બીજાં ત્રાજવે ફૂલ જેટલું પણ વજન થાય? હકીકત એજ સત્ય છે. જીવનમાં સુખને પામવા ખાવા,પીવા,જીવવા વિચારવા, આચરવા સઘળે સચ્ચાઈ-સત્યનું સંતોલન હોવું જરૂરી છે જ

સત્યમેવ જયતે II, મુક્તિદા કુમાર 'રુપલી' મુંબઈ - મહારાષ્ટ્ર

---

NOG SS No :
વિષયઃ માતૃ વંદના
પ્રકાર : પદ્ય

શોધવા નીકળી તને 'મા'
બહુ મોડી પડી.
મા મને કેમ ખબર ન પડી.
પ્રવાહ પ્રેમનો તારો કડક
ચહેરા પાછળ..
આ જે ખબર પડી.
આંક અને મોપાટ બોલ્યા ની શિક્ષા આજે સમજ પડી.
બની સાક્ષર ત્યારે તારા અક્ષર ની સમજ પડી.
મા મને મોડી ખબર પડી.
રોટલી વણતા ટકોર કરતી
સતત ટોકતી એ ટકટક ની આજે સમજ પડી.
ક્યારેય ન વ્હાલ બતાવી
અઢળક વ્હાલ વેરતી એ આજે સમજ પડી
માં મને મોડી કેમ ખબર પડી.
પડી એકલી સાથ ન કોઈ ત્યારે તારી શિખામણ સમજી
જીવ જે ખુમારી થી ન હારીશ. આત્મવિશ્વાસ ની પૂંજી સાથે રાખી.
તો જીતીશ જગત ને તું
એ હામ હૈયે આપી.
મા મને કેમ મોડી ખબર પડી.
સમજી હુ તને મા એમ કહેવા આજ તને ન સમીપ પામી..
જોજનો દૂર થઇ જ્યારે
ત્યારે તારી કિંમત આંકી
મા મને કેમ મોડી ખબર પડી...

**પરેશા ભટ્ટ. ખંભાત**

---

NOG SS NO : 0078
વિષય - માતૃવંદના
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - મા

મા નથી તું પૂછ એને મા વગર કેવું જીવન છે?
આકરું એકેક ક્ષણનું જ્યાં આ જીવનનું શ્વસન છે.
સહેજ પણ વાગે મને કે થાય દુઃખ તો એ રડે, લે!
આ જગતમાં માની જેવું બીજું ક્યાં કોઈ સ્વજન છે!
વ્હાલનો દરિયો વળી મીઠો, શું વ્યાખ્યા હું કરું પણ?
મા વગર આખું જગત વેરાન વગડો-શુષ્ક વન છે.
લે શિશુના જન્મ પહેલાંથી તકેદારી ક્ષણેક્ષણ;
તું જ ઈશ્વર, તું જ મા મારું જગત, ધરતી-ગગન છે.
કેટલી 'શ્વેતા'ની વય પણ તોય મારી મા હજી તો?

**-શ્વેતા તલાટી**

# પીએમ મોદીએ ૪૪ એસેમ્બલી કવર કરી હતી. જેમાંથી ૧૭ પર ભાજપે, ૨૪ પર કોંગ્રેસે જીતનો ઝંડો લહેરાવ્યો

(એ.આર.એલ),બેંગ્લુરૂ,તા.૧૪

કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પરિણામો લગભગ સ્પષ્ટ છે અને કોંગ્રેસને સંપૂર્ણ બહુમતી મળી છે. કોંગ્રેસ, ભાજપ અને જેડીએસના નેતાઓએ ૧૦ મેના રોજ યોજાયેલા મતદાન માટે જોરદાર પ્રચાર કર્યો હતો. આ નેતાઓએ કેટલી સીટો પર પ્રચાર કર્યો અને કેટલી સીટોને પોતાના પક્ષની જીતમાં પરિવર્તિત કરી?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ ચૂંટણીમાં જોરદાર પ્રચાર કર્યો હતો. ઘણી રેલીઓને સંબોધિત કરી અને રોડ શો પણ કર્યા. આવો જાણીએ કેવો રહ્યો ટોચના નેતાઓનો સ્ટ્રાઈક રેટ. આ સ્ટ્રાઈક રેટ ૨.૧૫ વાગ્યા સુધીના પરિણામો અને વલણો પર આધારિત છે.

ભાજપ વતી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, પક્ષ પ્રમુખ જેપી નડ્ડા અને આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા કમાન્ડમાં હતા. જેમાં પીએમ મોદીએ ૪૪ એસેમ્બલી કવર કરી હતી. જેમાંથી ૧૭ પર ભાજપે, ૨૪ પર કોંગ્રેસે જીતનો ઝંડો લહેરાવ્યો છે. જ્યારે જેડીએસને ૩ બેઠકો મળી છે. પીએમ મોદીનો સ્ટ્રાઈક રેટ ૩૯ ટકા રહ્યો છે.

તે જ સમયે, ગૃહ પ્રધાન અમિત શાહ ૩૬ એસેમ્બલીઓને આવરી લીધી હતી. જેમાંથી ભાજપે ૧૦ ??અને કોંગ્રેસે ૨૩ બેઠકો જીતી છે. જ્યારે જેડીએસને ૩ બેઠકો મળી છે. તે મુજબ તેમની સ્ટ્રાઈક રેટ ૨૮ ટકા રહ્યો છે. ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે ૧૧ વિધાનસભા સીટો પર પ્રચાર કર્યો. જેમાંથી ભાજપે ૩ અને કોંગ્રેસે ૭ બેઠકો જીતી છે. તે જ સમયે, એક બેઠક કલ્યાણ રાજ્ય પ્રગતિ પક્ષના હાથમાં છે. યોગી આદિત્યનાથની સ્ટ્રાઈક રેટ ૨૭ ટકા હતી.

કોંગ્રેસ વતી પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ ૨૬ વિધાનસભાઓમાં જોરશોરથી પ્રચાર કર્યો હતો. જેમાંથી તેમણે ૧૭ સીટો પર પોતાની પાર્ટીને જીત અપાવી છે. જેમાંથી ૮ પર ભાજપ અને એક સીટ પર જેડીએસનો વિજય થયો છે. તે મુજબ રાહુલ ગાંધીની સ્ટ્રાઈક રેટ ૬૫ ટકા છે.

પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ ૨૬ વિધાનસભાને આવરી લીધી હતી. જેમાં કોંગ્રેસે ૧૬ બેઠકો પર પોતાનો ઝંડો ફરકાવ્યો છે. ભાજપે ૯ અને ત્નઙજીએ એક સીટ જીતી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ૨૮ વિધાનસભાઓમાં પ્રચાર કર્યો હતો જેમાં કોંગ્રેસે ૧૬ બેઠકો જીતી છે અને ભાજપે ૯ બેઠકો જીતી છે. જ્યારે જેડીએસને ૩ બેઠકો મળી છે. આવી સ્થિતિમાં મલ્લિકાર્જુન ખડગેની સ્ટ્રાઈક રેટ ૫૭ ટકા રહ્યી છે.

# કેરળમાં એનસીબી અને ભારતીય નૌકાદળની મોટી કાર્યવાહી, ૧૨ હજાર કરોડનું ૨૫૦૦ કિલો ડ્રગ્સ જપ્ત

(એ.આર.એલ),કોચી,તા.૧૪

કેરળમાં એનસીબી અને ભારતીય નેવીએ સંયુક્ત ઓપરેશન ચલાવીને ૧૨ હજાર કરોડનું ડ્રગ્સ પકડ્યું છે. દરોડા દરમિયાન ૨૫૦૦ કિલો મેથામ્ફેટામાઈન ડ્રગ્સ મળી આવ્યું છે. દેશમાં મેથામ્ફેટામાઈન ડ્રગ્સનો આટલો મોટો જથ્થો પ્રથમ વખત મળી આવ્યો છે. નેવીએ કન્સાઈનમેન્ટ સાથે એક શંકાસ્પદ પાકિસ્તાની નાગરિકની પણ અટકાયત કરી છે. તેની પૂછપરછ ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ડ્રગ્સ અફઘાનિસ્તાનથી દરિયાઈ માર્ગે કેરળ લાવવામાં આવ્યું હતું. એનસીબી ઉપરાંત, આ જપ્તી શ્રીલંકા અને માલદીવ સાથે શેર કરાયેલા ઈનપુટ્સના આધારે કરવામાં આવી છે.

એનસીબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં લગભગ ૩૨૦૦ કિલો મેથામ્ફેટામાઇન, ૫૦૦ કિલો હેરોઈન અને ૫૨૯ કિલો ચરસ જપ્ત કરવામાં આવ્યું છે. અફઘાનિસ્તાનથી ભારતમાં સ્મગલિંગ કરવામાં આવતા ડ્રગ્સ વિરુદ્ધ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.હિંદ મહાસાગર ક્ષેત્ર પર હેરોઈન અને અન્ય માદક દ્રવ્યોની દરિયાઈ દાણચોરીથી ઉદ્ભવતા રાષ્ટ્રીય સુરક્ષા માટેના જોખમને ધ્યાનમાં રાખીને એનસીબીના મહાનિર્દેશક એસએન પ્રધાનની અધ્યક્ષતામાં 'ઓપરેશન સમુદ્રગુપ્ત' શરૂ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન જાન્યુઆરી ૨૦૨૨માં દ્વઝ્રમ્ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓફ ઓપરેશન્સ સંજય સિંહની દેખરેખ હેઠળ શરૂ થયું હતું. ઓપરેશનનો પ્રારંભિક ઉદ્દેશ્ય માદક દ્રવ્યોનું વહન કરતા જહાજોને રોકવા માટે માહિતી એકઠી કરવાનો હતો.

અગાઉ એનસીબીએ 'ઓપરેશન સમુદ્રગુપ્તા' દરમિયાન શ્રીલંકા અને માલદીવ્સ સાથે અમુક ઈનપુટ્સ શેર કર્યા હતા, જેના કારણે ૨૮૬ કિલો હેરોઇન અને ૧૨૮ કિલો મેથામ્ફેટામાઇનની ધરપકડ સાથે ૧૯ ડ્રગ દાણચોરોની ધરપકડ કરવામાં આવી હતી. ભારતીય નૌકાદળની ઈન્ટેલિજન્સ વિંગ સાથેના સંયુક્ત ઓપરેશનને ચાલુ રાખીને, મકરાનના દરિયાકાંઠે મેથામ્ફેટામાઇનનો મોટો જથ્થો વહન કરતા 'મધર જહાજ'ની હિલચાલ વિશે ગુપ્ત માહિતી પ્રાપ્ત થઈ હતી. મધર શિપ મોટા સમુદ્રી જહાજો છે. આ ઈનપુટના આધારે નેવીએ દરિયામાં જઈ રહેલા એક મોટા જહાજને અટકાવ્યું હતું. જહાજમાંથી શંકાસ્પદ મેથામ્ફેટામાઈનની ૧૩૪ બોરીઓ મળી આવી હતી અને એક ઈરાની નાગરિકની પણ અટકાયત કરવામાં આવી હતી.

NEWS OF GANDHINAGAR_P-3

NEWS OF GANDHINAGAR_P-4

# મધૅસ ડે નિમિતે શ્રી શીવ શક્તિ સેવા ગુપ્ર (જીવરાજપાર્ક ) દવરા દિવ્યાંગ વિધાથીઓ ને ઠંડા પાણી નુ વોટર કુલર અપૅણ કરાયુ




આજ રોજ મધૅસ ડે ધોળકા ખાતે આવેલ ન્યુ વે એજ્યુકેશનલ ઍન્ડ રૂરલ ડેવલોમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર મા મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે અમદાવાદ સ્થિત શ્રી શીવ શક્તિ સેવા ગુપ્ર દ્વારા અસહ્ય ગરમી મા વિદ્યાર્થીઓ ને ઠંડા પાણી માટે આજ રોજ વોટર કુલર અપૅણ કરવા મા આવ્યુ આ પ્રસંગે સંસ્થા ના આગેવાન ભાવિન પરમાર તેમજ વિદ્યાર્થીઓ તેમજ પેરેન્ટ્સ મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ અને સંસથા દવારા માતાઓ નુ સન્માન કરવા મા આવયુ હતુ આ પ્રસંગે શ્રી શીવ શક્તિ સેવા ગુપ્ર ના સભ્ય અન્ય દાતાઓ રાજેશ પટેલ .સુશીલ જૈન આલ્ફા એન્ટર પ્રાઈઝ ના સહકાર થી આ કાર્યક્રમ કરવા મા આવ્યો શ્રી શીવ શક્તિ સેવા ગુપ્ર (જીવરાજ પાર્ક) દ્વારા નિ શુલ્ક ઠંડી છાશ નુ વિતરણ તેમજ અન્ય સેવા કાર્ય કરવા મા આવે છે.

# ૧ ૨ વર્ષ જેલની હવા ખાધા બાદ હવે આ શખસ કરવા માગે છે કાયદાની પ્રેક્ટિસ

અમદાવાદઃ પહેલાં કાયદો તોડ્યો પછી આજીવન કેદની સજા અને ૧૨ વર્ષ જેલવાસ ભોગ્યા બાદ ભરુચના વિજય ચોરસિયા હવે કાયદાની પ્રેક્ટિસ કરવા માગે છે. જો કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત (BCG) ભૂતપૂર્વ દોષિતની ચાર વર્ષ માટે વકીલ તરીકે નોંધણી કરાવવાની વિનંતી પર અનિર્ણાયક છે. વિજય ચોરસિયાએ ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. જે બાદ કોર્ટે BCGને વકીલ તરીકે નોંધણી માટેની તેમની અરજી પર ચાર અઠવાડિયામાં નિર્ણય લેવા માટે નિર્દેશ આપ્યો છે. ચોરસિયા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક છે અને તેઓએ ૧૯૯૮માં કાયદાની ડિગ્રી પણ મેળવી હતી.કાયદાની ડિગ્રી મેળવવાના એક વર્ષ પહેલાં ચોરસિયાએ જુલાઈ, ૧૯૯૭માં એક વેપારીનું અપહરણ કર્યુ હતું અને અંકલેશ્વરમાં ફાઈનાન્સર એવા તેમના પિતા પાસેથી રુપિયા એક કરોડની ખંડણી માગી હતી. જે બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ચોરસિયા અને અન્ય ૧૦ લોકો વિરુદ્ધ ભરુચ સેશન્સ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે બાદ કોર્ટે ચોરસિયાને દોષિત ઠેરવ્યા હતા અને પછી આજીવન કેદની સજા ફટકારી હતી. ૨૦૦૯માં હાઈકોર્ટે તેમની સજાને માન્ય રાખી હતી. ૧૨ વર્ષ જેલમાં રહ્યા બાદ ચોરસિયાને ગઈ ૨૬ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ભૂજની પાલારા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. બે વર્ષ પછી તેઓએ મ્ઝ્યમાં વકીલ તરીકે નોંધણી માટે અરજી કરી હતી.એક વર્ષ પછી તેઓ એનરોલમેન્ટ કમિટી સમક્ષ ઉપસ્થિત થયા હતા અને એક એફિડેવિટ દાખલ કર્યુ હતુ. જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, તેઓ ક્યાંય પણ લાભકારી તરીકે નોકરી કરતા નથી. જ્યારે બીસીજી દ્વારા કોઈ વાત સાંભળવામાં ન આવી તો તેઓએ હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. જ્યાં તેઓએ બાર કાઉન્સિલને તેમની નોંધણી કરવા અને પ્રમાણપત્ર આપવા માટે નિર્દેશ કરવા માગ કરી હતી. કારણ કે તેઓ એડવોકેટ એક્ટમાં નિર્ધારિત તમામ શરતોનું પાલન કરી રહ્યા હતા.હાઈકોર્ટના સવાલ પર બીસીજીએ કહ્યું કે, ચોરસિયાના કેસ પર બે વર્ષ સુધી વિચાર કર્યા બાદ તેમને એડવોકેટ્સ એક્ટની કલમ ૨૬(૨) હેઠળ અભિપ્રાય માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને મોકલવામાં આવ્યો હતો. જે કહે છે કે, રાજ્ય બાર કાઉન્સિલની નોંધણી સમિતિ આવી કોઈપણ અરજીને નકારવા માટે દરખાસ્ત કરે છે. આ આવેદનને બીસીઆઈને મોકલ્યું હતું. જો કે, ઓક્ટોબર ૨૦૨૧ બાદ બીસીઆઈ દ્વારા કોઈ પ્રતિસાદ મળ્યો નહીં. ત્યારે આ મામલે સુનાવણી કરતા જસ્ટિસ વૈભવી નાણાવટીએ બીસીજીને ચોરસિયાની અરજી પર ચાર અઠવાડિયામાં નિર્ણય કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# રાષ્ટ્રીય લોક અદાલત:પાટણ જિલ્લામાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતોમાં ૪૩૫૩ કેસોનો નિકાલ કરાયો

(એ.આર.એલ),પાટણ,તા.૧૪

પાટણ જિલ્લા અદાલત અને જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં રાષ્ટ્રીય લોકઅદાલતો યોજાઈ હતી. આ લોક અદાલતોમાં વિવિધ પ્રકારનાં કેસોને સમાધાનથી નિકાલ માટે મૂક્વામાં આવ્યા હતા. પાટણની જિલ્લા અદાલત ખાતે આઠ કોર્ટો તથા પાટણ, સરસ્વતિ, ચાણસ્મા, હારીજ, રાધનપુર, સિધ્ધપુર, વારાહી, સમી કોર્ટોમાં પણ લોકઅદાલતો યોજાઈ હતી. લોકઅદાલતમાં મોટી સંખ્યામાં પક્ષકારો અને વકિલમિત્રોએ ઉપસ્થિત રહીને તેમનાં કેસોમાં પરસ્પર સમાધાન કરીને કેસનો નિકાલ કરવાનો પ્રયાસ કર્યો હતો.

પાટણની કોર્ટમાં યોજાયેલી લોકઅદાલતોમાં ફોજદારી, દિવાની, છુટાછેડા, લગ્ન વિષયક, ચેક રિટર્ન, મોટર વાહન અકસ્માત વળતર કેસો સહિત અનેક કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અહીં પ્રિલીટીગેશન લોકઅદાલતો પણ યોજાઈ હતી. જેમાં કેસ કોર્ટમાં જાય તે પહેલાં તેઓ સમાધાનથી નિકાલ થઈ શકે તેવા કેસો મૂકવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાટણની બેંકો, વીજકંપની, વીમા કંપનીઓ, ટ્રાફિકનાં ઈ-ચલણની વસૂલાતનાં કેસો પણ મૂકાયા હતા. આ લોકઅદાલતમાં બજાજ ફાઈનાન્સ, બેંક ઓફ બરોડા, યુજીવીસીએલ, બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ મહારાષ્ટ્ર, કેનેરા બેંક, યુનિયન બેંક, પંજાબ નેશનલ બેંક વિગેરેએ પણ પોતાનાં વસુલાતનાં કેસોનાં સમાધાન માટે લોકઅદાલતોમાં પોતાનાં કેસો મૂક્યા હતા. પાટણ જિલ્લા કાનુની સેવા સત્તામંડળનાં સેક્રેટરી એમઆર. ઠક્કર તથા કોર્ટનાં અધિકારી રાકેશ સોલંકી અને સ્ટાફે દરેક લોક અદાલતની મુલાકાત લઈને કાર્યવાહીની જાણકારી મેળવી હતી. લોક અદાલતમાં કુલ પ્રિલીટીગેશન કેસો ૧૨,૦૯૮ મુકવામાં આવેલ હતા. જેમાંથી કુલ ૧૩૯૬ જેટલા કેસોનો સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો અને તેમાં સેટલમેન્ટ એવોર્ડની રકમ રૂા. ૬૩,૨૮,૪૬૧ જેટલું થયેલ અને રેગ્યુલર લોક અદાલતમાં કુલ ૧૦૧૮ જેટલા કેસો મુકવામાં આવેલ હતા તેમાંથી ૬૨૮ જેટલા કેસોમાં સુખદ સમાધાન થયેલ છે. તેમાં સેટલમેન્ટ રકમ રૂા.૨,૮૯,૮૨,૮૯૪ નો એવોર્ડો કરવામાં આવેલ તેમજ અન્ય કુલ ક્રિમીનલ કેસો ૩૦૨૭ જેટલા મુકવામાં આવ્યા હતા. તેમાંથી ૨૩૨૯ જેટલો કેસો ફેસલ કરવામાં આવેલ છે. આમ લોક અદાલતમાં પાટણ જલ્લામાં કુલ ૧૬૧૪૩ કેસો મુકવામાં આવેલ હતા તેમાંથી ૪૩૫૩ કેસોનો સુખદ રીતે નિકાલ કરવામાં આવેલ છે અને આ કેસોમાં કુલ રૂા. ૩,૫૩,૧૧,૩૫૫/-ની રકમોના સેટલમેન્ટ એવોર્ડો આવ્યા હતા. એમ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ પાટણનાં સેક્રેટરી વ મેજિસ્ટ્રેટ એમ.આર. ઠક્કરે જણાવ્યું હતું.

# છત્તીસગઢમાં ૬૦૦૦ કરોડના ચોખા કૌભાંડની તપાસ માટે કેન્દ્ર સરકારે ટીમ મોકલી, ભાજપે કેબિનેટના રાજીનામાની માંગ કરી

(એ.આર.એલ),રાયપુર,તા.૧૪

એક તરફ છત્તીસગઢમાં ઈઢની હાજરી છે, તો બીજી તરફ કેન્દ્રીય ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રાલય દ્વારા ચોખા કૌભાંડને લઈને બીજી કેન્દ્રીય એજન્સીની સ્થાપના કરવામાં આવી છે. ડો.રમન સિંહે ૬૦૦૦ કરોડના ચોખા કૌભાંડની ફરિયાદ કરી છે. હવે આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. કેન્દ્રીય ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રાલયની તપાસ અંગે છત્તીસગઢમાં ખાદ્ય મંત્રી અમરજીત ભગતે કહ્યું કે અમે પહેલા જ વિધાનસભામાં કહી ચુક્યા છીએ કે જે પણ ખાદ્યપદાર્થો વહેંચવામાં આવ્યા છે. જયારે કોરોનાના સમયગાળા દરમિયાન જ્યાં જરૂરિયાત હતી ત્યાં ખોરાક મોકલવામાં આવતો હતો, તે સમયે અમારો ઉદ્દેશ્ય લોકોના જીવ બચાવવાનો હતો, હવે અમે તેનું વિતરણ કરવાની રીતની તપાસ કરી રહ્યા છીએ અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મૂનતે ચોખા કૌભાંડ સંબંધિત હકીકતો સોશિયલ મીડિયા પર જાહેર કરી હતી. કૌભાંડને લગતી પોઈન્ટ વાઈઝ માહિતી ૬ પેજમાં આપવામાં આવી હતી. સાથે લખ્યું છે કે મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સહિત સમગ્ર મંત્રીમંડળને ચૂકવણી કરવી પડશેપ કારણ કે જનતાએ ભ્રષ્ટ કોંગ્રેસ સરકારને સત્તા પરથી હટાવવાનું મન બનાવી લીધું છેઃ કોલસો, ચોખા, દારૂ, ગોબર કંઈપણ છોડ્યું નથી! કૃપા કરીને ચોખા કૌભાંડ સંબંધિત નીચેના તથ્યોનું અવલોકન કરોઃ

તમને જણાવી દઈએ કે છત્તીસગઢમાં બીજી કેન્દ્રીય એજન્સીની હાજરી છે. આ કેન્દ્રીય એજન્સીની સ્થાપના કેન્દ્રીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. આ કેન્દ્રીય એજન્સી ચોખા કૌભાંડની તપાસ કરશે જેની ફરિયાદ પૂર્વ સીએમ ડો. રમણ સિંહે કરી છે. રમણ સિંહે કેન્દ્ર સરકારને રાજ્યમાં ૬૦૦૦ કરોડ રૂપિયાના ચોખા કૌભાંડના આરોપની તપાસ કરવા વિનંતી કરી છે. ફરિયાદ પર કેન્દ્રીય ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રાલયે પાંચ સભ્યોની ટીમની રચના કરી છે.જો કે મુખ્યમંત્રી જણાવ્યું હતું કે ભાજપ મને ખોટી રીતે ફસાવવા માટે કાવતરૂ કરવામાં આવી રહ્યું છે તેમણે કહ્યું કે ભાજપની ચાલ સફળ રહેશે નહીં.

# મોટી બહેને ભૂલથી કીડી મારવાનો પાવડર ખવડાવી દેતા બિમાર શિશુનું મોત

વડોદરાઃ વડોદરા શહેરની SSG હોસ્પિટલમાં દાખલ કરાયેલી ત્રણ દિવસની બાળકીનું શનિવારે સવારે તેની બહેન દ્વારા આકસ્મિક રીતે ઝેર ખવડાવવામાં આવતા મોત નીપજ્યું હતું. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના કાંટુ ગામમાં આ ઘટના બની હતી. પાંચ વર્ષની બાળકી ૩ મેના રોજ તેની શિશુ બહેન સાથે તેના ઘરે એકલી હતી. આ દરમિયાન ગંભીર રીતે બીમાર શિશુની સારવાર કરવા માટે ૫ વર્ષની બહેને પરિવાર દ્વારા કીડી મારવા માટે ઉપયોગમાં લેવાતા પદાર્થને શિશુના મોઢામાં નાખ્યો હતો. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, શિશુને શરૂઆતમાં ૩ મેના રોજ ગોધરાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. જો કે, તેની સ્થિતિ ગંભીર હોવાથી તેને ૪ મેના રોજ SSGHમાં લાવવામાં આવી હતી અને અહીં તેની સારવાર કરવામાં આવી રહી હતી. સારવાર દરમિયાન શિશુની સ્થિતિ ગંભીર રહી હતી અને આખરે શનિવારે તેનું મોત નીપજ્યું હતું. પંચમહાલના દામાવાવ પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર, ઘટનાના દિવસે મૃતક શિશુની માતાને પેટમાં દુખાવો થતો હતો. અધિકારીએ કહ્યું કે માતા અને પિતા બાળકને તેની મોટી બહેન પાસે ઘરે છોડીને હોસ્પિટલ ગયા હતા. અધિકારીએ ઉમેર્યું હતું કે કીડીઓને મારવા માટે વપરાતો પાવડર ઘરમાં પડેલો હતો. અધિકારીએ વધુમાં ઉમેર્યું કે મોટી બહેને કન્ટેનર લીધું અને તેમાંથી થોડો પાવડર શિશુના મોંમાં નાખ્યો હતો.

# નહેરુ બ્રિજ વિસ્તારમાં ૫૦ લાખની આંગડિયા લૂંટ કેસમાં ફરિયાદી સહિત પાંચ ઝડપાયા

અમદાવાદઃ શહેરના નહેરુ બ્રિજ વિસ્તારમાં શુક્રવારે એક લૂંટનો કેસ બન્યો હતો. શુક્રવારેની બપોરે આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી લૂંટારાઓએ રુપિયા ૫૦ લાખની લૂંટ કરી હતી. ત્યારે આ કેસને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ગણતરીના જ કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે રુપિયા ૫૦ લાખની આંગડિયા પેઢીની લૂંટને ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢીને આરોપીઓને ઝડપી પાડ્યા છે. ક્રાઈમ બ્રાંચે આ લૂંટ કેસમાં શનિવારે પાંચ આરોપીની ધરપકડ પણ કરી છે. આ કેસમાં એવી પણ ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, ફરિયાદી કમલેશ પ્રજાપતિએ જ લૂંટારાઓને ટીપ આપી હતી. પોલીસે તેની પણ ધરપકડ કરી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચે શનિવારે જણાવ્યું કે, તેઓને બાતમી મળી હતી કે ફરિયાદીએ જ લૂંટારાઓને રોકડ રકમની ગુપ્ત માહિતી આપી હતી અને પછી લૂંટનું કાવતરું રચ્યું હતું. જે બાદ ક્રાઈમ બ્રાંચે રુપિયા ૪૯.૯૮ લાખની સાથે એક લૂંટમાં ઉપયોગમાં લેવાયેલા સ્કૂટર અને એક રિક્ષા પણ કબજે કરી છે. પોલીસે આ લૂંટ કેસમાં ૨૨ વર્ષીય કમલેશ પ્રજાપતિ, ૨૫ વર્ષીય અશ્વિન પ્રજાપતિ, ૨૭ વર્ષીય મેહુલ રાજપુત, ૨૪ વર્ષીય મયંક જયસ્વાલ અને ૨૭ વર્ષીય સૌરભ કાંબલેની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની પૂછપરછમાં આરોપી કમલેશ અને અશ્વિનને જણાવ્યું કે, તેઓએ પંદરેક દિવસ પહેલાં આ લૂંટની યોજના બનાવી હતી. પછી તેઓએ મેહુલ રાજપુત, મયંક જયસ્વાલ, સૌરભ કાંબલેનો સંપર્ક કર્યો હતો. કમલેશ અને અશ્વિન સતત ત્રણેય આરોપી સાથે ફોન પર સંપર્કમાં હતા. પાંચેય આરોપીઓએ નહેરુ બ્રિજ પાસે આવેલી પતંગ હોટલ પાસે આ લૂંટની યોજના બનાવી હતી. આ લૂંટની યોજના સફળ થયા બાદ કમલેશને રુપિયા ૨૫ લાખ, અશ્વિન અને મેહુલને ૧૦-૧૦ લાખ અને મયંક તથા સૌરભને રુપિયા ૨.૫ લાખ મળવાના હતા.લૂંટની ઘટના બાદ આરોપી કમલેશ પ્રજાપતિએ શુક્રવારે બપોરે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કહી હતી અને કહ્યુ હતુ ક, ડી નરેશ આંગડિયા પેઢીના તારાચંદ પ્રજાપતિએ તેમને ચઘન પ્રજાપતિને સાથે લઈ જઈ મરડિયા પ્લાઝામાં આવેલી એન્જલ ફોરેક્માંથી રુપિયા ૨૫.ચ૮૭ લાખ અને ઈસ્કોન મોલમાં આવેલાં કેબી એક્સચેન્જમાંથી રુપિયા ૨૪.૩૨ લાખ રુપિયા લઈ આવવા માટે કહ્યું હતું. અહીંથી રુપિયા મેળવ્યા બાદ તેઓ રતનપોળ તરફ જઈ રહ્યા હતા. આ સમયે નહેરુ બ્રિજ પાસે ટુ વ્હીલર પર આવેલા શખસોએ તેના ટુ વ્હીલરને ટક્કર મારી હતી. બાદમાં રુપિયા ભરેલી બેગ લઈને લાલ દરવાજા તરફ ફરાર થઈ ગયા હતા. ત્યારે પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરતા ફરિયાદી જ આરોપી નીકળ્યો હતો. તેણે જ સમગ્ર તરકટ રચ્યું હોવાનું સામે આવ્યું હતું. જે બાદ પોલીસે પણ આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બોટાદના કૃષ્ણ સાગર તળાવમાં ડૂબવાથી ૫ બાળકોના મોત, ૨ને બચાવવામાં ૩ના જીવ ગયા

(એ.આર.એલ),ભાવનગર,તા.૧૪

બોટાદ જિલ્લામાં તળાવમાં ડૂબી જવાથી ૫ બાળકોના મોત થઈ ગયા છે. જાણકારી મળતા જ ઘટનાસ્થળ પર પહોંચેલી પોલીસ અને રેસ્ક્યૂ ટીમે ડૂબી ગયેલા બાળકોની શોધખોળ શરૂ કરી દીધી હતી. તળાવમાં ડૂબીને જીવ ગુમાવનારા બધા બાળકોની ઉંમર ૧૩-૧૭ વર્ષ વચ્ચે હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઘટના ૧૩ મેની છે. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. રિપોર્ટ્સ મુજબ, બોટાદ શહેર બહાર કૃષ્ણ સાગર તળાવ છે. કહેવામાં આવે છે કે, બે બાળકો પોતાના દાદા સાથે બોટાદ તળાવ જોવા પહોંચ્યા હતા. તળાવ જોવા ગયેલા બાળકોએ દાદા સામે તળાવમાં નાહવાની જિદ શરૂ કરી દીધી. બાળકોએ જિદ કરતા દાદા તેમને તળાવમાં નાહવાની મંજૂરી આપી દીધી. દાદાની મંજૂરી મળ્યા બાદ બાળકો તળાવમાં નાહવા લાગ્યા. તળાવમાં નહીં રહેલા બાળકો અચાનક ઊંડા પાણીમાં જતા રહ્યા અને ડૂબવા લાગ્યા. તળાવમાં નાહિ રહેલા બાળકોને ડૂબતા જોઈને આસપાસ ઉપસ્થિત ૩ બાળકોએ પણ તળાવના ઊંડા પાણીમાં છલાંગ લગાવી દીધી. ડૂબી રહેલા બાળકોને બચાવવા માટે તળાવમાં છલાંગ લગાવનારા ત્રણેય બાળકો પણ ડૂબી ગયા. ફાયર બ્રિગેડના અધિકારી કુલદીપસિંહ ડોડિયાએ જણાવ્યું હતું કે, પોલીસને લગભગ ૪:૩૦ વાગ્યાની આસપાસ આ કરુણ ઘટનાની જાણ થઈ હતી. માહિતી મળતા એક બચાવ ટીમ ઘટનાસ્થળ પર દોડી આવી અને ૪૫ મિનિટ સુધી શોધખોળ કર્યા બાદ પાંચેય બાળકોના મૃતદેહો તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તળાવમાં ડૂબી જવાથી મૃત્યુ પામનાર તમામ યુવાનોની ઉંમર ૧૩-૧૭ વર્ષની વચ્ચે છે. મૃતકોની ઓળખ એહમદ ઉર્ફે ભાવેશ વઢવાણિયા (ઉંમર ૧૬ વર્ષ), અશરફ ઉર્ફે રુમિત વઢવાણિયા (ઉંમર ૧૩ વર્ષ), જુનેદ અલ્તાફભાઈ કાજી (ઉંમર ૧૭ વર્ષ), અસદ આરીફ ખંભાતી (ઉંમર ૧૬ વર્ષ), ફેજાન નાઝીરભાઈ ગાંજા (ઉંમર ૧૬ વર્ષ) તરીકે થઈ છે. અકસ્માતને લઈને બોટાદ પોલીસ અધિક્ષક કિશોર બલોલિયાએ નિવેદન આપ્યુંછે. રિપોર્ટ મુજબ, બોર્ડના એસપી કિશોર બલિયાને જાણકારી આપી કે કૃષ્ણ સાગર તળાવમાં ડૂબી જનારા બધા બાળકોની ઉંમર ૧૩-૧૭ વર્ષ વચ્ચે છે. બધા બાળકોના શબ તળાવમાંથી કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. પોલીસે ઘટનાના સંબંધમાં બાળકોના દાદા પાસેથી પણ જાણકારી લીધી છે. ઉલ્લેખનીય છે કે, કૃષ્ણ સાગર તળાવમાં જે જગ્યાએ દુર્ઘટના થઈ છે ત્યાં લોકો નાહવા પહોંચતા રહે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ એ સ્થળ પર એવો અકસ્માત ડરામણો છે જ્યાં મોટી સંખ્યામાં લોકો નાહતા રહે છે. લોકોએ પ્રશાસન પાસે એ જગ્યા બચાવ માટે જરૂરી ઉપાય કરવા અને સકળ લગાવવાની પણ માગ કરી છે.

# પંચમહાલ જિલ્લાની મજૂર અદાલત ગોધરા માં યોજાયેલ લોક અદાલત માં ૭૯ કેશોમાં થયેલ સમાધાન

પંચમહાલ જિલ્લાની મજૂર અદાલત ગોધરા માં યોજાયેલ લોક અદાલત માં ૭૯ કેશોમાં થયેલ સમાધાન માં સિવિલ કેશોમાં રૂપિયા ૬૬ લાખ ૧૪ હજાર ૩૦૩ રૂપિયા નુ ચુકવણું તથા ક્રિમિનલ કેસમાં રૂપિયા ૯૦ હજાર જેટલો દંડ વસૂલ કરતા લોક અદાલત ને મળેલ સફળતા પંચમહાલ જિલ્લા લેબરોજ પ્રેક્ટિસ નર્સ એસોસિએશન ના પ્રમુખ એ.એસ ભોઈ અખબાર યાદીમાં જણાવે છે કે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી ન્યુ દિલ્હીના આદેશ અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના સૂચન અનુસાર તારીખ ૧૩/૫/૨૩ ના રોજ યોજાયેલ લોક અદાલતમાં ન્યાયાધીશ શ્રી હિતેશકુમાર એ મકા સાહેબની સીધી દેખરેખ હેઠળ ૭૯ કેસો મૂકવામાં જેમાં ૬૧ જેટલા સિવિલ કેશો તથા ૧૮ જેટલા ક્રિમિનલ કેસો નો સમાવેશ કરવામાં આવેલ જે પૈકી સિવિલ કેસમાં રૂપિયા૬૬ લાખ ૧૪ હજાર ૩૦૩ રૂપિયા નુ ચુકવણું તથા ક્રિમિનલ કેસમાં રૂપિયા ૯૦ ૦૦૦ હજાર દંડ વસૂલ કરાયો છે તદઉપરાંત ત્રણ જેટલા કામદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવેલા છે આ લોક અદાલતને સફળ બનાવવા માટે એસોસિએશનના તમામ સભ્યો તેમજ વકીલ મિત્રો તથા સ્ટાફ મિત્રો દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી લોક અદાલત સફળ બનાવી છે એ બદલ બારના ઉપ પ્રમુખ શીતેષ એ ભોઈ તમામ મિત્રોનો ખુબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે.

પ્રમુખ પંચમહાલ જિલ્લા લેબર લોઝ

પ્રેક્ટિસ નર્સ એસોસિયેશન ગોધરા, એ એસ ભોઈ કાલોલ

## ૩૧ કિલો હેરોઈન જપ્ત થવાનો મામલો

# ભારતમાં ડ્રગ્સ ઘૂસાડવા માટે માફિયાઓએ અપનાવી નવી મોડસ ઓપરેન્ડી

અમદાવાદઃ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા રાજકોટ પાસેથી ૩૧ કિલો હેરોઈનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે કેટલાક નવા ખુલાસા થયા છે. ઈન્ટરનેશનલ ડ્રગ્સ કાર્ટેલ દ્વારા ભારતમાં ડ્રગ્સ ઘૂસાડવા માટે ઉપયોગમાં લેવાતી નવી મોડસ ઓપરેન્ડીની વિગતો બહાર આવી છે. છ્જીના અધિકારીઓએ જણાવ્યું કે, આ કેસમાં તેમણે પકડેલા નાઈજિરિયન શખ્સે ખુલાસો કર્યો છે કે, સ્મગલરો 'ડેડ ડ્રોપિંગ' પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યા છે. મતલબ કે, ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ જે-તે વ્યક્તિને વ્યક્તિગત રીતે પહોંચાડવાને બદલે કોઈ અવાવરુ જગ્યા પર મૂકી દેવાનું.રાજકોટ શહેરને અડીને આવેલા ખંઢેરી ગામની શ્રીજી ગૌશાળા પાસે આવેલા એક ઘરમાંથી ૧૦-૧૦ કિલો વજનના ત્રણ પેકેટમાંથી ૩૧ કિલો જેટલું હેરોઈન મળી આવ્યું હતું. પેકેટ પર લગાવેલા લેબલના આધારે છ્જીની ટીમ નાઈજેરિયન શખ્સ ઓકોય (Ekunife Nwagbo) સુધી પહોંચી હતી. આ શખ્સ દિલ્હીના ઉત્તમનગરમાં રહેતો હતો. અધિકારીઓએ જણાવ્યું કે, ૨૮ વર્ષીય ઓકોયે ડ્રગ્સ સંગ્રહવા અને સપ્લાય કરવા માટે એક ઘર ભાડે રાખીને રહેતો હતો.ATSના સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ સુનીલ જોષીએ જણાવ્યું કે, ATS, સુરત ક્રાઈમ બ્રાંચ અને દિલ્હી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના સહિયારા ઓપરેશનથી ઓકોયને પકડવામાં સફળતા મળી હતી. હેરોઈનનો આ જથ્થો રાજકોટનો બબલુ નામનો શખ્સ તેના સુધી પહોંચાડવાનો હતો. પત્રકારો સાથે વાત કરતાં સુનીલ જોષીએ આગળ જણાવ્યું કે, ઓકોય પાકિસ્તાની ડ્રગ પેડલ સાથે સીધા સંપર્કમાં હતો. દિલ્હીમાં ઓકોય સુધી ડ્રગ્સ કોણ પહોંચાડશે અને ક્યાંથી તેને લેવાનું તે અંગેની વિગતો આપતો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, આ કન્સાઈનમેન્ટ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ક્યાંક મૂકવામાં આવ્યું હતું. તેનું ચોક્કસ સ્થળ હજી અમે શોધી રહ્યા છીએ.ATSને બાતમી મળી હતી કે, પાકિસ્તાનના કરાંચીમાં રહેતા ડ્રગ માફિયા હાજી અનવરે દરિયાઈ માર્ગે હેરોઈનનો જથ્થો મોકલ્યો છે અને તે દરિયાકાંઠે ઉતારવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાના નાયરા ગામમાં ડ્રગ્સનો જથ્થો મૂકી રાખવામાં આવ્યો છે અને દિલ્હીમાં રહેતા એક નાઈજિરિયન સુધી તેને પહોંચાડવામાં આવશે. પ્રાથમિક તપાસમાં ATSને જાણવા મળ્યું કે, ઈીહૈકી Nwagbo નામનો આ નાઈજિરિયન ઓકોય તરીકે પોતાની ખોટી ઓળખ આપીને ઓગસ્ટ ૨૦૨૨થી ઉત્તમનગરમાં રહેતો હતો અને ડ્રગ્સના કારોબારમાં સંકળાયેલો હતો.હવે, આરોપી કેટલાય સમયથી આ ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલો છે અને તેણે કોને અને ક્યાં-ક્યાં ડ્રગ્સ સપ્લાય કર્યું છે તેની માહિતી મેળવવા તપાસ આગળ વધારવામાં આવશે. ઓકોય સુધી ડ્રગ્સની ડિલિવરી કઈ રીતે થતી હતી અને આમાં કોણ-કોણ સંકળાયેલું છે તેની વિગતો કઢાવવા માટે એટીએસએ કમર કસી છે.

# નવા રથમાં બિરાજશે ભગવાન જગન્નાથ:૭૨ વર્ષ બાદ નગરના નાથને મળશે નવો રથ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૪

ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રાની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ભગવાન આ વર્ષે નવા રથમાં નગરચર્યાએ નીકળવાના છે. ત્યારે રથની તૈયારીઓના ભાગરૂપે હવે કલર કામ શરુ થયું છે. આ વર્ષે જગન્નાથપુરીના રથના કલર જેવા જ રથ કરવામાં આવશે. પુરીની રથયાત્રાની જેવી જ રથયાત્રા લાગે તેવા પ્રયાસ મંદિર તરફથી કરવામાં આવી રહ્યા છે. ભગવાનના રથના કલરની કામગીરી હાથથી નહીં પરંતુ સ્પ્રેથી પાક્કા કલરથી કરવામાં આવી રહી છે. જેના કારણે દર વર્ષે કલર કરવાની જરૂર નહીં પડે. દસ દિવસમાં આ રથના કલરની કામગીરી પૂર્ણ થઈ જશે.

જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથની રથયાત્રાની તૈયારીઓના ભાગરૂપે ભગવાનના નવા રથમાં કલરની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રથયાત્રાએ ખૂબ જ મોટો ઉત્સવ છે અને લોકોની આસ્થા જોડાયેલી છે. ત્યારે ભલે લોકો જગન્નાથપૂરી જઈ ન શકે પરંતુ જગન્નાથપુરીની રથયાત્રા જેવી જ અનુભૂતિ લોકોને થાય તેવા પ્રયાસ કરવામાં આવ્યા છે. જેથી રથના કલર જગન્નાથપુરીની રથયાત્રાના રથ જેવા જ કરવામાં આવ્યા છે.

ભગવાનના રથનું કલર કામ કરનાર કારીગર જૈનિકભાઈએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ભગવાનના રથના કલરની કામગીરી છેલ્લા બે-ત્રણ દિવસથી કરવામાં આવી રહી છે. આ વર્ષે રથના કલરની કામગીરી ઓટો પીયુ એટલે કે સ્પ્રેથી કરવામાં આવી રહી છે. આ કલર લાંબો સમય સુધી જળવાઈ રહેશે. જેથી દર વર્ષે કલર કરવાની જરૂરિયાત રહેશે નહીં. વધુમાં આ કલર કામગીરી દર વર્ષે હાથેથી કરવામાં આવતી હતી. પરંતુ હવે આ વર્ષે રથના કલરની કામગીરી સ્પ્રેથી કરવામાં આવી રહી છે. જ્યાં જરુર હશે ત્યાં હાથેથી કલર કરવામાં આવશે. ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા ૨૨ જૂનના રોજ ઉજવવાની છે. ત્યારે રથયાત્રાની તૈયારીઓ અખાત્રિજથી શરૂ કરવામાં આવી છે. ત્યારે હાલ રથની નાની મોટી કામગીરી કરવામાં આવી રહી છે. રથના પૈડા લગાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રથને કલર કરવામાં આવી રહ્યો છે. ૪ જૂનના રોજ ભગવાન જગન્નાથની જળયાત્રા પહેલા રથની તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. નવા રથ હોવાના કારણે રથની ટ્રાયલ પણ આ વર્ષે લેવામાં આવશે. જેના કારણે રથયાત્રાના દિવસે કોઈપણ પ્રકારની તકલીફ ઉભી થાય નહીં.

વર્ષોથી ભગવાન જગન્નાથના રથનું સમારકામ કરનાર અને રથ ખેંચનાર મહેન્દ્રભાઈ ખલાસે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૫૦માં નવા રથ બનાવવામાં આવ્યા હતા. ૭૨ વર્ષ બાદ આ વર્ષે ૭૩માં વર્ષે નવા રથમાં ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજી નવા રથમાં બિરાજમાન થઈને નગરચર્યાએ નીકળવાના છે. આ વર્ષે નવા રથ બનાવવાના હોવાથી દિવાળી બાદ લાકડા આવવાનું અને નાનું મોટું કામ શરૂ થઈ ગયું હતું. આ રથ બનાવવામાં ત્રણ મહિના જેટલો સમય લાગ્યો છે.

# દુનિયાનાં સૌથી ગરમ ૧૫ શહેરમાં ભારતનાં દસ, હવે દેશભરમાં તાપમાનમાં વધારો થશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪

દુનિયાનાં સૌથી ગરમ ૧૫ શહેરોમાં ભારતનાં ૧૦ શહેરોનો સમાવેશ થાય છે. મોકા વાવાઝોડું ભેજ ખેંચી ગયું છે. દેશનાં તમામ ગરમ સ્થળોએ આગામી એક સપ્તાહ સુધી લૂ ફુંકાવાની શક્યતા છે. મે મહિનાના બીજા સપ્તાહમાં ગરમીએ પ્રથમ વખત તેનું ખતરનાક સ્વરૂપ દર્શાવવાની શરૂઆત કરી દીધી છે.

હવામાન વિભાગ મોકા વાવાઝોડાને આના માટે જવાબદાર ગણે છે. તેમનું કહેવું છે કે બહુ ખતરનાક વાવાઝોડું મોકા હવે બાંગ્લાદેશ અને મ્યાનમાર તરફ વળી જતા કેટલીક દહેશત દૂર થઈ છે. જોકે. વાવાઝોડું ભેજને પોતાની તરફ ખેંચી ગયું છે. આના કારણે દેશમાં પશ્ચિમી પવન મજબૂત બની રહ્યા છે. શનિવારે દુનિયાનાં કેટલાંક શહેરોમાં પારો ૪૫ ડિગ્રીને પાર થઈ ગયો હતો. ખાસ બાબત એ છે કે ટોચનાં ૧૫ સૌથી ગરમ શહેરોમાં ૧૦ શહેર ભારતમાં અને ચાર શહેર પડોસી દેશ પાકિસ્તાનનાં છે. હવામાન વિભાગે કહ્યું છે કે દેશના ઉત્તર-પશ્ચિમ ભારતથી મધ્ય ભારત સુધી પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યાં છે. જેથી કેટલાક વિસ્તારોમાં શનિવારે હીટવેવનો અનુભવ લોકોએ કર્યો હતો. આગામી એક સપ્તાહ સુધી દેશના પશ્ચિમ, ઉત્તરથી લઈને મધ્ય ભારત તેમજ પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં હીટવેવની શક્યતા છે. પાકિસ્તાનના નવાબ શાહમાં પારો ૪૭.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.